

SWARGA ROHAN
DANTA ROAD, AMBAJI,
DIST. BANASKANTHA (GUJ.)
PH. (02749) 262[illegible]

# અધ્યાત્મ

વર્ષ–૨ ઑગષ્ટ–૧૯૮૧ અંક–૧૧

## લવાજમ અંગે સૂચના

સપ્ટેમ્બર, '૮૧માં 'અધ્યાત્મ' તેનાં બે વર્ષ પૂરાં કરે છે. એટલે ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાનાં લવાજમો 'સપ્ટેમ્બર '૮૧માં જ ભરી દે; જેથી અધ્યાત્મના તે પછીના અંકો મેળવવામાં તેઓને કોઈ પ્રકારની મુશ્કેલી ન પડે.

વાર્ષિક લવાજમ રૂા. ૧૫-૦૦-લવાજમ મનીઓર્ડરથી મોકલી શકાય છે.

સરનામું:-નારાયણ હ. જાની-તંત્રી, અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર, ભાવનગર ૩૬૪૦૦૧.

લવાજમ અંગે ચેક નહિ મોકલાવવા વિનંતી છે. ધ્યાનકેન્દ્રો મારફત કે બીજી રીતે જે ભાઈ બહેનોએ લવાજમ ભર્યાં હોય, તેઓ તે એજન્સીઓ મારફતે લવાજમ મોકલાવી શકે છે.


આપને 'અધ્યાત્મ' ગમ્યું હોય તો આપના મિત્રો તેમજ પરિચિતોમાં તેની ભલામણ કરી શકો છો.

જાહેર પુસ્તકાલયો, તેમજ શાળા અને કોલેજોની લાયબ્રેરીઓ માટે ગુજરાત રાજ્યના કેળવણી ખાતાએ 'અધ્યાત્મને' માન્યતા આપેલી છે.

## સહાય

અધ્યાત્મ માસિકને પોતાનું માનીને એના ગ્રાહકો સહાય કરતા રહે છે. તે બદલ અમે તેઓના ખરેખર આભારી છીએ.

રૂા. ૧૦૧-૦૦ શ્રી. જે. વી. શાહ, મુંબઈ. જન્મદિન નિમિત્તે.
રૂા. ૨૧-૦૦ શ્રી. સરોજબેન બળવંતરાય ભક્ત, કપુરા.



શ્રી યોગેશ્વરજી

## મંગલભાવના

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો જન્મ તા. ૧૫ ઓગષ્ટના રોજ થયો છે. એટલે તે મંગલ દિને સહુ સાધક ભાઈબહેનો પોતાની શુભેચ્છાઓ પ્રદર્શિત કરે એ સ્વાભાવિક છે.

સાચું પૂછો તો મુક્ત મહાપુરુષોને મન—જન્મ કે મરણ જેવું કશું હોતું નથી. આમ છતાં આપણ સહુ માટે તેઓશ્રીના પાર્થિવ દેહનું પ્રકટીકરણ મહત્ત્વની ઘટના છે, કારણ કે એ શરીર વડે લીલા કરીને જ એઓશ્રી આપણી વચ્ચે વસે છે, આપણને પથદર્શન કરે છે; ઉન્નત માર્ગે દોરે છે, પ્રતિકૂળતાઓ વચ્ચે ટકી રહેવાનું બળ પૂરું પાડે છે ને સંઘર્ષોમાં શક્તિ પ્રેરે છે. આથી આપણે મન તેઓ આરાધ્ય ને પૂજ્ય છે.

એ ભાવે, આપણ સહુ વતી હું પ્રભુને નમ્ર ભાવે પ્રાર્થું છું કે તેઓશ્રીને લાંબુ સુસ્વાસ્થ્યપૂર્ણ જીવન આપે જેથી માનવતાની વાડીને અધ્યાત્મની સુગંધ વડે મહેંકતી રાખવાનું યુગ કાર્ય તેઓશ્રી આવતાં અનેક વર્ષો સુધી કરતા રહે......

—તંત્રી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૨ અંક : ૧૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૦૦-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર—૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર—૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| ન મે ભક્ત પ્રણુશ્યતિ | ૩ | શ્રી યોગેશ્વરજી |
| ગુરુપૂર્ણિમા | ૫ | તંત્રી નોંધ |
| વર્ષગાંઠ વિષે વાર્તાલાપ | ૭ | સર્વેશ્વરી |
| જન્મ દિવસનો સંદેશ | ૧૨ | શ્રી યોગેશ્વરજી |
| શ્રેયયાત્રા | ૧૩ | ભાઈલાલભાઈ છાટબાર |
| રામકૃષ્ણ કથામૃતના લેખક | ૧૯ | નારાયણ હ. જાની |
| એક સલુણી સંધ્યાએ વીણેલાં મોતી | ૨૫ | શ્રી દીનાબેન ઘડિયાળી |
| પ્રકાશના પંથે | ૨૯ | દીપક પ્ર. મહેતા |
| 'અનાસક્તિ કર્મયોગ' | ૩૩ | ભૂપતરાય મો. ઠાકર |
| હું | ૩૬ | શ્રી યોગેશ્વરજી |
| રહ્યા નિશદિન | ૩૭ | રજનીકાંત મહેતા |
| પ્રભાતિયું | ૩૮ | — |
| આસનો | ૩૯ | મણિભાઈ શાહ |
| પાસે છતાં દૂર | ૪૪ | જે. વી. શાહ |
| મા શ્રી સર્વેશ્વરીનું આધ્યાત્મિક ક્ષેત્ર પ્રયાણ | ૪૮ | ઈશ્વર પેટલીકર |
| પ્રશ્નોત્તરી | ૫૩ | શ્રી યોગેશ્વરજી |
| શ્રી યોગેશ્વરજી મારી દૃષ્ટિએ | ૫૬ | પ્રા. જનાર્દન દવે |
| સાદી ઉજવણી-ગુરુપૂર્ણિમાની | ૬૦ | |
| રામકથા | ૬૨ | શ્રી યોગેશ્વરજી |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૨ | આગસ્ટ-૧૯૮૧ | અંક : ૧૧


## ન મે ભક્ત પ્રણુશ્યતિ

ભગવાન કૃષ્ણે ભગવદ્‌ગીતામાં ભક્તને માટે કેવી મોટી બહુમૂલ્ય બાંયધરી આપી દીધી ? " કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણુશ્યતિ. " હે કુન્તીપુત્ર અર્જુન, તું સુચારુ રૂપે નિશ્ચયાત્મક રીતે શંકા કુશંકા રહિત બનીને સમજી લે કે મારા ભક્તનો કદી પણ નાશ નથી થતો· ભગવાને એવા ઉદ્‌ગારો દ્વારા પોતાના શરણાગત શ્રદ્ધાભક્તિ ભરપૂર ભક્તને અસાધારણ અદ્‌ભુત અમોઘ અભયવચન આપ્યું છે.

ભગવાનના ભક્તનો કદી નાશ થતો નથી એટલે શું ? એમ કહીને ભગવાન શું સૂચવવા માગે છે એ વિચારવા જેવું છે. ભક્તના જીવનમાં ધન, વૈભવ, ઐશ્વર્ય, પદ, પ્રતિષ્ઠા, પૂજા, સત્તા, સૌંદર્ય, યૌવન, બધું જ હોય, રિદ્ધિસિદ્ધિ પણ હોય, પરંતુ ભગવાનની ભક્તિ ના હોય તો ભક્તના જીવનમાં કશુ જ નથી હોતું, ભક્તિ સિવાય ભક્તને પોતાનું જીવન અધૂરું લાગે છે. નીરસ અથવા નિરર્થક ભાસે છે. પરિમલ વિનાના પુષ્પનું, સલિલ સિવાયની સરિતાનું, ચાંદની વિનાના ચંદ્રનું, અને જ્યોતિ વગરના દીપકનું મૂલ્ય જેમ નહિવત્ હોય છે અથવા આત્મા વિનાના અંગની જેમ કશી વિસાત નથી હોતી, તેમ ભગવાનની પ્રીતિ વિના ભક્તના જીવનમાં શૂન્યાવકાશ સરજાય છે. ભક્તિ વિના ભક્ત મૃતઃપ્રાય બની જાય છે.

ભગવાન કહે છે કે મારા ભક્તનો કદી પણ નાશ થતો નથી. એનો અર્થ એવો થયો કે ભક્ત જેનાથી વંચિત બનીને મૃતઃપ્રાય બની જાય છે તે ભગવદ્‌ભક્તિ કે પરમાત્મ પ્રીતિથી ભગવાન ભક્તના

જીવનને સુસંપન્ન બનાવે છે. ભગવાન એને સદ્‌બુદ્ધિ અર્પે છે, બુદ્ધિયોગનું દાન કરે છે, એ બુદ્ધિયોગ કે સદ્‌બુદ્ધિની મદદથી ભક્ત પરમાત્માને પોતાના જીવનનું પરમ પ્રાપ્તવ્ય સમજીને નિત્યનિરંતર અવનવા ઉત્સાહથી આગળ વધે છે.

કેટલાય સાધકો સંસારના વિનાશશીલ વિષયોની વાસનાથી પ્રેરાઈ ને એમાં આસક્તિ કરી બેસે છે ને જીવનના આધ્યાત્મિક વિકાસધ્યેયને ભૂલી જાય છે. વિષયોની મમતા, મોહવૃત્તિ, આસક્તિ જીવનના અધઃપતન કે વિનાશનું કારણ બને છે. પોતાના શરણાગત સાધક કે ભક્તના જીવનના સંરક્ષક બનીને ભગવાન એને જે પતિતપાવની સર્વસંતાપહારિણી સંકટનાશિની શાંતિપ્રદાયિની પ્રજ્ઞા સમર્પે છે તેને લીધે એ વિષયોની મોહવૃત્તિ કે આસક્તિમાંથી મુક્તિ મેળવે છે. એનું આત્મિક અધઃપતન અટકે છે. એ સર્વનાશની ઊંડી ગર્તામાં નથી ધકેલાતો. પોતાની અંદર રહેનારી આસુરી સંપત્તિનો અંત આણીને ક્રમે ક્રમે શનૈઃ શનૈઃ છતાં ચોક્કસપણે દૈવી સંપત્તિમાં સદ્‌ગુણો, સદ્‌વિચારો, સદ્‌ભાવો, સત્કર્મોમાં પ્રતિષ્ઠા પામે છે.

ભગવાને ભગવદ્‌ગીતામાં એ પ્રકારની બાંયધરી કોને આપી છે તે પણ યાદ રાખવા જેવું છે: "ન મે ભક્ત પ્રણશ્યતિ" "મારો ભક્ત કદી નાશ નથી પામતો." એવું જણાવીને સ્પષ્ટ રીતે સૂચવવામાં આવ્યું છે કે એ પ્રકારનું અભય વચન કેવળ ભક્તને માટે જ આપવામાં આવ્યું છે. ભક્તને માટે જ એવી ચોક્કસ બાંયધરી આપવામાં આવી છે. શરીર, મન, વચન, હૃદયથી પળે પળે પદે પદે સ્થળે સ્થળે જે ભગવાનને સમર્પિત બને છે, ભગવાનને માટે જ જીવે છે, ને ભગવાનને જ ભજે છે, તે ભક્ત કહેવાય છે. ભગવાન સાથે એક થવાની ઝંખનાવાળો પવિત્ર પ્રેમમય જીવ.

બાળકની સંભાળ સ્વાભાવિક રીતે જ માતા રાખે છે. એમ જે સાધક ભક્ત શિશુસહજ સરળતા નિર્દોષતા શરણાગતભાવથી સંપન્ન બનીને પરાયણ બને છે, તેની સંભાળ પરમાત્મારૂપી માતા પોતે રાખે છે. એ એનો નાશ નોતરવા દેતી નથી. ભક્તે કેવળ સરળ તથા નિર્દોષ બનવાનો પ્રયત્ન કરતાં સાચા દિલથી સર્વભાવે એનું શરણ લેવું જોઈએ.



# ગુરુપૂર્ણિમા

-તંત્રી નોંધ

ભૌતિક રીતે આપણે મનુષ્યરૂપે જન્મ પામ્યા છીએ. એ પણ ઈશ્વરની કૃપાનું પરિણામ છે, એમ માની પ્રભુનો નિતનિત આભાર માનીએ તેટલો ઓછો છે. પણ આવું કરે છે કેટલા ?

કારણ તપાસતાં જણાશે કે જેઓ અંતરમુખ થયા છે, અધ્યાત્મના માર્ગે વળ્યા છે, પ્રભુ પરાયણ થયા છે, તેઓ સારું કુટુમ્બ, સારા માબાપ, શરીર, પત્ની કે બાળકો મળવા બદલ ઈશ્વરનો આભાર અવશ્ય માને છે. તેને પ્રાર્થે છે ને નીતિ પરાયણ જીવન જીવવા માટે ખૂટતાં બળ કે સામર્થ્યની પૂર્તિ માટે તેને પ્રાર્થના પણ કરતા રહે છે. પરંતુ આ દિશાએ વળવાનું સહેલું નથી કોઈ પથપ્રદર્શક જોઈએ, કોઈ ભોમિયો કે ગુરુ જોઈએ. એટલે જ જીવનમાં ગુરુનું સ્થાન અતિમહત્ત્વનું છે.

બ્રાહ્મણને માટે સંસ્કૃતમાં દ્વિજ શબ્દ છે. એનો અર્થ છે બીજીવાર જન્મેલો. બ્રાહ્મણપુત્રને યજ્ઞોપવિત દીધા પછી દ્વિજ કહેવાય છે. પણ બ્રાહ્મણ જ શા માટે ? જે બધા મનુષ્યો જ્ઞાનની દુનિયામાં પ્રવેશે છે, તે બધા જ દ્વિજ છે. એક તેમનો ભૌતિક જન્મ છે, તો બીજો જન્મ છે જ્ઞાનની દુનિયામાં, જે મનુષ્ય તરીકે ખૂબ મહત્ત્વનો છે. એટલે જ ભારતીય સંસ્કૃતિ એ જ્ઞાનની દુનિયામાં જગાડનાર ગુરુને ખૂબ ખૂબ પૂજ્ય માન્યા છે.

આવા ગુરુ પ્રત્યે આદરભાવની, પૂજ્યભાવની, ઋણસ્વીકારની અભિવ્યક્તિનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા—આષાડ સુદ પૂનમ નો મંગલદિન.

આમ તો ભગવાન વેદ વ્યાસનો એ જન્મદિન છે. ઘડીભર વિચાર કરો કે જો ભગવાન વેદવ્યાસનો પ્રાદુર્ભાવ આ પાર્થિવ પૃથ્વી પર થયો જ ન હોત તો… ! ભાગવત્ ન હોત, ગીતા ન હોત, મહાભારત ન હોત, પુરાણો ન હોત ! મતલબ કે ભારતીય સંસ્કૃતિના આધ્યાત્મિક જગતના ધ્રુવતારક સમા ગ્રંથો જ પ્રાદુર્ભાવ પામ્યા ન હોત ! સંસ્કૃતમાં કહેવાયું છે કે વ્યાસોચ્છિષ્ટં જગત સર્વમ્ ! જગતમાં એવું કંઇ નથી, જેનું આલેખન ભગવાનશ્રી વેદવ્યાસે ન કર્યું હોય ! એટલે એ મહાપુરુષે માનવજાત ઉપર કેટલો મોટો ઉપકાર કર્યો છે ! વેદ વ્યાસ આપણા જ નહિ, પરંતુ સમસ્ત સુસંસ્કૃત માનવજાતના ગુરુ સમા છે, ને રહેશે. એમનો જન્મદિન ગીતા ભાગવત્ વાંચનાર નહિ ઉજવે તો કોણ ઉજવશે ? આપણે સહુ એમના જ સંતાન છીએ. એમના માનસભાવો ને વિચારોના વારસદાર છીએ એટલે એ વેદવ્યાસરૂપ પિતાને આપણે યાદ કરી અંજલિ આપીએ, એ જરૂરી છે.

એથી જ આપણી આંખ–આત્મિક આંખ જ્ઞાનાંજન શલાકયા–ઉઘાડનાર ગુરુ આપણે માટે માનાર્હ ને પૂજ્ય છે. એમના ઋણનો સ્વીકાર ગુરુ–પૂર્ણિમાના દિને કરીએ, એમના ઉપદેશોને યાદ કરીએ, આપનું જીવન એ ઉપદેશાનુસાર થયું છે કે કેમ, તે જોઈએ, અને એ મંગલદિને ગુરુનું પૂજન કરી, યથાશક્તિ ગુરુને ભેટ ધરીએ. એ આપણું કર્તવ્ય બની રહે છે.

ગુરુનો સ્વર્ગવાસ થયો હોય, તોપણ ગુરુની શક્તિ કામ કરે છે જ એ શાસ્ત્રવચનોમાં વિશ્વાસ રાખી, એમણે ચીંધેલા માર્ગે આગળ વધીએ, એ એમને આપેલી શ્રદ્ધાંજલિ જ છે.

ગુરુના વચનોમાં અચલ શ્રદ્ધા, ગુરુમાં પ્રીતિ ને ગુરુના કામ માટે તન, મન, ધનથી ઘસાવાની વૃત્તિ–એ ગુરુની શ્રેષ્ઠ પૂજા છે.



# વર્ષગાંઠ વિષે વાર્તાલાપ

સર્વેશ્વરી

તા. ૧૬–૭–'૮૧ ગુરુવાર અષાઢ સુદ ચૌદશ ૨૦૩૭

સ્થળઃ—૫૫, અરુણોદય સોસાયટી, વડોદરા.

ગઈકાલે અમદાવાદથી વડોદરા આવી ગયા. આજે સ્થળ બદલાયું છે. છતાં પૂ શ્રીનો નિત્યક્રમ બદલાયો નથી. રાત્રે પૂ. શ્રી એકવાગ્યે, ત્રણવાગ્યે સાડાચાર વાગ્યે પણ પોતાના પલંગપર ધ્યાનમાં બેઠેલા જ જોવા મળ્યા. એમણે નિદ્રાનો સંપૂર્ણ સંયમ સાધ્યો છે એવું જોવા મળે છે. આટલી ઉત્તમ અવસ્થાપર પહોંચવા છતાં પણ એ એવા જ સાધનાપરાયણ છે તેનું દર્શન સહજ થાય એવું છે.

આજે સવારે નિયમિત વ્યાયામ, મંત્રજપ પછી દૂધ પી ને રામાયણનું લેખન પૂ. શ્રી શરૂ કરે છે. તે ઘણું લાંબું ચાલ્યું. છેક અગિયાર ને દશ મિનીટે દર ગુરુવારે ગવાતી સાઈબાબાની સ્તુતિ ગાવાની શરૂ કરી. નિશ્ચિત સમયે પૂ.શ્રી એ ભોજન લીધું. ભોજનમાં મગ, ભાત, શાક લીધા. ભોજન બાદ તરત જ મુલાકાત શરૂ થઈ.

પૂ. શ્રી બહાર વરંડામાં ખુરશી પર બેઠા. પ્રથમ દિવસ હોવા છતાં દશ, બાર ભાઈબહેનો આવીને પ્રણામ કરી પૂ.શ્રી ની સામે નીચે બેઠા. આરંભમાં થોડીક વાતો થઈ.

આજે શ્રી રાજેન્દ્ર પુરોહિતનો જન્મદિન છે એની જાણ સર્વેશ્વરીએ સૌને કરી. એટલે પૂ. શ્રીએ પણ એ વાત જાણી.

આજની બેઠકનો વાર્તાલાપ શરૂ કરતાં પૂ. શ્રીએ કહ્યુંઃ –

આજે વરસગાંઠ છે ? ઓ…વરસગાંઠ બરાબર. વરસગાંઠ સૂચવે છે કે માનવે ગાંઠ રહિત થવાનું છે. અહંકારનીગાંઠ

મમતાની ગાંઠ રાગ, દ્વેષ, કામ, ક્રોધ, જ્ઞાન, તપની એ બધી જ ગાંઠોને તોડવાની છે. અને જન્મમરણની મોટી ગાંઠોને પણ તોડવાની છે.

આ તો આપણે માની લીધેલાં વરસોની ગાંઠો છે. તે ગાંઠો તો કેટલાયે વખતથી ચાલી આવતી હશે તે ગાંઠોને તોડવાનો આજે સંકલ્પ કરીએ–ગાંઠ વધે નહીં, ગાંઠ ઘટે, ગાંઠ તૂટે એવું કરીએ. અને એ ગાંઠ જ્ઞાનથી જ તૂટે–અંધારુ હોય તો તેને દૂર કરવા માટે ગમે તેટલી પાણીની ડોલ પર ડોલ નાંખો તો પણ તે જશે નહીં, અંધારુ અજવાળાથી જ દૂર થઇ શકે છે એ વાત સૌના સ્વાનુભવની છે.

ગાંઠો બધી અવિદ્યાથી જ બંધાય છે. તે આત્મજ્ઞાનથી તૂટી શકે છે. અને આત્મજ્ઞાન ગુરુકૃપા, સંતકૃપા કે પ્રભુ-કૃપાથી મળી શકે છે.

અવિદ્યની ગાંઠ તપથી નથી તૂટતી. ઘણીવાર તપથી અહંકાર વધે છે તો તે સંજોગોમાં તપથી ગાંઠ મજબૂત પણ બને છે.

આ જીવનમાં ગ્રંથિ ( ગાંઠ ) તોડવી જ છે એવો સંક-લ્પ કરો.

આજે મેં મીઠું કર્યું ?

સાકરથી મોં મીઠું થાય. સાકર સંદેશો પૂરો પાડે છે કે જીવન સાકર જેવું મીઠું, મધુરતાવાળું બને. સાકર મોંમા મૂકવામાં આવે છે, નાકમાં નહીં, એટલે વાણીપણ મીઠી બને એવી ભાવના કરાય છે.

પંજાબમાં જન્મદિનનું ઘણું મહત્વ. અમારે ૧૫ ઓગસ્ટ કે પવિત્રાબારસ આવે ત્યારે માતાજી અમે ગમે ત્યાં હોઇએ પણ તે દિવસે સવારે મને સાકર આપે. વળી મારા કપાળ પર બદરીકેદારનું ચંદન લગાડે ને કહે જીવન ખૂબ ખૂબ



યશસ્વી થાઓ. જીવન સુખી થાઓ.

હિમાલય જતા પહેલાના ત્રણચાર વરસની વાત કરું તે વખતે મેં જન્મદિને બે નિયમો (૧) આખો દિવસ દૂધ ઉપર ઉપવાસ અને (૨) મૌન રાખવું. મૌન રાખીને પ્રત્યેક પળે આત્મનિરીક્ષણ કરવું. જે ત્રુટીઓ હોય તે દૂર કરવા માટે શું કરવું તે વિચારવું તે વખતે હું રોજનીશી પણ રાખતો.

જન્મદિન એકલા ઉલ્લાસનો જ નહીં, ગંભીરતાથી થનારા આત્મચિંતનનો દિવસ છે. આપણે આ પૃથ્વી પર આવ્યા તો કેમ આવ્યા ? શું કર્યું ? શું કરવું છે ? તે બધું ગંભીરતાપૂર્વક શાંતિસહિત વિચારવાનો દિવસ તે જન્મદિવસ.

ભગવાનના જન્મદિને આપણે ઉપવાસ કરીએ ને આપણા જન્મદિને તાગડધીન્ના કરીએ એ સારું લાગે ?

ભગવાનના જન્મદિનને ભજનનો, સંયમનો, તપનો વ્રતનો, સાધનાનો દિવસ ગણીએ છીએ. આપણા જન્મદિનને પણ એ રીતે ઉદાત્તદૃષ્ટિથી જોઈને આપણા જન્મદિને પણ વ્રત, તપ, ભજન દાન, સાધના, સેવા કરીએ તો સારું.

સર્વેશ્વરી:—વર્ષગાંઠે સાચાસંત સાથેની ગાંઠ તોડે તો ?

પૂ. શ્રી:—સંત સાથે, સારા મિત્રો સાથે, આપણા હિતે-ચ્છુઓ સાથે તો ગાંઠ બાંધો તે ગાંઠોને તો બેવડી મારો અને ભગવાન સાથેની ગાંઠ પણ મજબૂત કરો. અરે લક્ષ્મી સાથે પણ થોડીક ગાંઠ બાંધજો.

જીવનમાં પ્રેમની, જ્ઞાનની, પવિત્રતાની, સંયમની, ધ્યાનની, સ્વાધ્યાયની, પૂજાપાઠની ગાંઠો મારવી જોઈએ એવી ગાંઠો કલ્યાણકારક થઈ પડે છે.

કેટલામુ વરસ બેઠું ને કયું વરસ ઊઠયું ?

શ્રી રાજેન્દ્ર પુરોહિત:–પચ્ચીસ વર્ષ પૂરાં થયા છવ્વીસમું બેઠું.

પૂ. શ્રીઃ–તો જીવનનો ૩/૪ ભાગ તો પૂરો થઈ ગયો.

હવે તમારા જીવનમાં તમે જેવું જીવન જીવવું હોય તેવું જીવી શકવાનો નિર્ણય લઈ શકો છો.

પૂ. શ્રી શ્રોતાઓ સામે બહાર વરંડામાં બેઠા બેઠા આ વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યાં વરસાદ ખૂબ જોશથી વરસવા લાગ્યો. વરસાદની ઝરમર સૌને ભીના કરી રહી હતી. જેથી સૌ પૂ. શ્રી સાથે અંદરના મોટા મુલાકાત ખંડમાં આવે છે. પૂ. શ્રી અહીં પલંગપર બેઠા છે. સર્વેશ્વરી પાસે આસનપર બેઠાં છે. એ જ ચર્ચા ચાલુ રહી.

જીવન જાગૃતિપૂર્વક જીવાવું જોઈએ. આપણે લીધેલો માર્ગ બરાબર છે કે નહીં તે પણ વિચારવાનું છે.

સર્વેશ્વરીઃ–રાજુભાઇ અપરિણીત રહેવા માંગે છે. આજે આપ એવા આશીર્વાદ આપો તો એમને આનંદ થશે.

પૂ. શ્રીઃ-પોતાના કર્મને અનુસરીને જેવું જીવન જીવવાનું હોય છે તેવું જીવવું જ પડે છે. જીવનમાં લગ્નનો યોગ હોય તો લગ્નજીવન પણ જીવવું પડે છે

હા. એવું પ્રભુ પાસે પ્રહલાદની પેઠે માંગવું કે મને ગમે તે યોનિ મળે તો પણ તમને કદી ના ભૂલું.

હાનિ, લાભ જીવન મરણ
યશ, અપયશ વિધિ હાથ.

તુલસીદાસજીએ કહ્યું એ બધું વિધાતાના હાથમાં છે.

પણ પ્રભુ જે જીવન આપે તેમાં જીવન વિકાસ ચાલુ રહે ને પ્રભુ ભુલાય, નહીં એવું જ માંગોને.

મને તો કોઈ કહે છે કે હું અપરિણીત રહેવા માગું છું. તો મને એ વાત ખૂબ ગમે છે. એકલા રહેવામાં ઘણું સુખ છે.

હા. કોઈક ને વળી લગ્નજીવનથી પણ વિકાસમાં મદદ મળી શકે છે. પત્ની અનુકૂળ મળે તો પૂજાપાઠ સાધનામાં



પ્રોત્સાહન આપે. પતિ ઊંધે માર્ગે જતો હોય તો તેને સરખો પણ કરી શકે.

પણ મોંઘવારીમાં ને વસ્તીવધારાના આ કપરા સમયમાં અપરિણીત જીવન જીવવું એ રાષ્ટ્રની સેવા જ છે.

શરીર સારું બનાવો, વ્યાયામ કરો. સાધના કરો. એકલાં જ રહેવું હોય તો એ રીતનો નિર્ણય લઈ જીવનને જીવવા માંડો. કંઈક બચત કરો છો ને?

શ્રી રાજેન્દ્ર પુરોહિત માથું હલાવી ના પાડે છે.

સર્વેશ્વરીઃ-બધો જ પગાર ગરીબોને ખવડાવવામાં પૂરો કરી નાખે છે.

રાજુભાઈ પ્રોફેસર છે. પણ શરમાળ, શાંત, કંઈક ધૂની સ્વભાવના છે. પૂ. શ્રી ઉપર રાજુભાઈ પોતે અપરિણીત રહેવા માંગે છે એ અંગેનો વિગતવાર પત્ર પણ આવેલો. જેથી સર્વેશ્વરી ફરીથી બધી વિગત પૂ. શ્રી ને આપે છે.

પૂ. શ્રીઃ–બચત કરતા રહો. ફરજિયાત અમુક રકમ બચાવો. તે રકમ તમને પણ કોઇવાર કામ લાગે. અથવા કોઈ સત્કર્મમાં પણ કામ લાગે.

ઈંગ્લેન્ડમાં એક બેન અપરિણીત હતાં તેમણે નિયમિત બચત કરી. મા બાપની મિલકત પણ હતી. પણ તે બધામાંથી એક મોટી પ્રોપર્ટી વસાવી ને તે એક સુપ્રસિદ્ધ સંસ્થાને ભેટ આપી. અમે એ સંસ્થાનું ઈંગ્લેન્ડમાં નિરીક્ષણ કરેલું.

તમે પણ બચત કરતા રહો.

તમારો જીવનવિકાસ થતો રહે ને ભગવાનને ભૂલો નહીં એવો અમારો આશીર્વાદ છે.

સર્વેશ્વરીને સાકર આપવાની સૂચના પૂ. શ્રી કરે છે. હવે સમય થઈ ગયો છે. હવે હરિઃ ૐ કરીએ.

( અનુસંધાન પાના ૫૯ ઉપર )

# જન્મ દિવસનો સંદેશ

## ૧૫–૮–૧૯૮૧ નિમિત્તે

માનવનો જન્મ આ સંસારની સૌથી અનોખી ઘટના કહી શકાય. એ જન્મને સત્કર્મોનું અથવા પુણ્યનું પરિણામ કહેવામાં આવે છે. એ વાતના વિવાદમાં ના પડીએ તો પણ એટલું તો ચોક્કસ પણે સમજાય છે કે માનવ જન્મની પ્રાપ્તિ થવી એ કાંઈ સાધારણ ઘટના નથી. માનવ જન્મની શકયતાઓ અનેક છે. એ જન્મ કાંઈ જેમ તેમ નથી મળતો એને પામીને બને તેટલાં સતકર્મો કરી શકાય છે. સદ્‌બુદ્ધિથી સંપન્ન બનીને જે પોતાના તથા બીજાના મંગળને માટે કર્મો કરે છે તે સર્વ પ્રકારે સુખી થાય છે, શાંતિ પામે છે, અને પોતાના તથા બીજાના જીવનને સુખ શાંતિથી સંપન્ન અને ધન્ય બનાવે છે. એને માટે સંસારમાં કાંઈ પણ દુર્લભ રહેતું નથી. સંતશિરોમણિ તુલસીદાસ મહારાજે ઠીક જ કહ્યું છે.

પરહિત બસ જીન કે મન માંહિ,
તિન તીન જગ દુર્લભ કછુ નાહિં.

આપણે સહુ આપણા જીવનને એવી રીતે સફળ કરવાનો પ્રયત્ન કરીએ. અને એની સાર્થકતા માટે પરમકૃપાળુ પરમાત્માના આશીર્વાદ માગીએઃ સૌને શાંતિ મળો, સૌ સુખી બનો, સમૃદ્ધિ પામો, તથા જીવનને સેવા પરાયણ કરીને ઈશ્વરની અનંત કૃપાને અનુભવો.

શ્રી યોગેશ્વરજી



# શ્રેયયાત્રા–૧૨

ભાઈલાલભાઈ છાટબાર

## જ્ઞાન, સાધકનાં લક્ષણ તથા અનુપમ ગીત-ધ્વનિ

તા. ૨૩–૧૧–૫૨ રવિવારની સવારે જઈને પ્રણામ કરીને બેઠો. જોયું કે તાજેતરમાં જ અન્ય બે ભાઈઓ આવીને બેઠા છે. તરતજ આગન્તુકો અને મહાત્માજી વચ્ચે સંવાદ આ પ્રમાણે શરૂ થયો.

પ્રશ્ન—જ્ઞાન શું કહેવાય તે કૃપા કરીને સમજાવો

મહાત્માજી—'સ્વ' ની ઓળખ તે જ સાચું જ્ઞાન. પુસ્તકો વાંચીને પ્રાપ્ત કરીએ તે માહિતી છે, જ્ઞાન નથી. દર્શનશાસ્ત્રના ગ્રન્થોનો અભ્યાસ પણ જ્ઞાન નથી. દર્શનશાસ્ત્રના ગ્રન્થોને મોઢે કરી કડકડાટ બોલી જાય તે પણ જ્ઞાન નથી.

મનોમય ચેતના અને અંતરાત્મા અલગ અલગ છે. માનસિક ચેતના અપૂર્ણ છે. તેમાં માત્ર ચિન્મયની–ચૈતન્યની છાયા હોય છે.

મન ચેતનામાં ડૂબી જાય, વિચારો, વૃત્તિઓ કે ભાવોના તરંગો ચેતનામાં શમી જાય ત્યારે જ્ઞાનનું સ્વરૂપ પ્રકટ થાય છે, આ અવસ્થામાં 'સ્વ' નો બોધ થાય છે, 'સ્વ' નું આમૂલ પરિવર્તન થાય છે અને સમગ્ર અસ્તિત્વનું રૂપાંતર થઈ જાય છે. છેવટે જાણવાવાળો પણ બાકી બચતો નથી.

આવા જ્ઞાનીપુરુષની ચેતના પળેપળે સચ્ચિદાનંદમાં રમણ કરતી હોય છે. તે સ્થિતપ્રજ્ઞ અવસ્થાને પામ્યો હોય છે; —શ્રીમદ્ ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયના ૫૫ થી ૭૨ મા શ્લોક સુધીમાં વર્ણન થયું છે તેવો.

છાંદોગ્ય ઉપનિષદમાં દેવર્ષિ નારદ સનતકુમાર પાસે જ્ઞાનના ઉપદેશ માટે જાય છે, તેનો પ્રસંગ આલેખાયેલો છે. દેવર્ષિ નારદ પોતાના સમસ્ત કર્તવ્ય પૂર્ણ કરી ચૂકયા હતા અને સર્વવિદ્યાસંપન્ન હતા. એવા નારદજીને પણ આત્મજ્ઞાનના અભાવમાં શોક થયો હતો.

આત્મજ્ઞાનથી ચઢિયાતું અન્ય કોઈ આત્મકલ્યાણનું સાધન નથી. જ્ઞાનથી જ આત્માના સ્વરૂપની ઓળખ એટલે કે મોક્ષપ્રાપ્તિ થાય છે... ... ...

આગન્તુકો જલ્દી રજા લે તેવું લાગતું નથી. વળી જ્ઞાન વાર્તા આગળ ચાલે તેમ લાગ્યું. મારી ધીરજ ખૂટી ગઈ. ખીસ્સામાંથી કાગળનો ટુકડો કાઢી તેના ઉપર લખ્યું—' કાલે સવારે મારે શું શું સાથે લાવવાનું છે ?'...કાગળનો ટુકડો મહાત્માજીને આપ્યો.

મનમાં ભાવ હતો કે શ્રીફળ, ફળફૂલ, પ્રસાદ લાવવાનું કહે તો વિધિપૂર્વકની દીક્ષા થઈ જાય.

મહાત્માજીએ ઉત્તરમાં લખ્યું—' રીતસરની દીક્ષા આપી શકાશે નહિ. તે માટે પરમ શક્તિની આજ્ઞા નથી. માત્ર માર્ગદર્શન આપી શકીશ.'

ઉત્તર વાંચીને નિરુત્સાહ કે નિરાશાનો કોઈ ભાવ અનુભવ્યો નહિ. પ્રેમથી જે પ્રાપ્ત થવાનું હતું તેનાથી મન–પ્રાણ ભારોભાર કૃતકૃત્ય હતા.

સાંજના ચાર વાગ્યા છે. કવોર્ટર્સ આગળના કમ્પાઉન્ડમાં ફેલાયેલો માગશરનો મીઠો તડકો ગમે તેવો છે. ગઈકાલે સાંજે સાથે ફરવા જતી વખતે સંમતિ લઈ નકકી કર્યા મુજબ, ફોટો લેવા ભાઈ જ્યોતીન્દ્ર તેનો રોલીફ્લેકસ કેમેરા લઈને આવેલ છે.



કવોર્ટર્સના કમ્પાઉન્ડના પ્રવેશદ્વારની જમણી બાજુએ લંબાતી દિવાલ પાસે એક ટેબલ પર બેસાડીને મહાત્માજીની એક તસ્વીર ખેંચી.

આ ફોટાની નેગેટિવ મુંબઈના એક સ્નેહી મારફત ત્યાંના વેનગાર્ડ સ્ટુડિયોમાં એન્લાર્જ કરાવવા મોકલી આપીને, કેબિનેટ સાઈઝમાં ચાર નકલ તૈયાર કરાવી હતી. એક નકલ મહાત્માજી માટે, એક નકલ રાધાબહેન માટે, એક નકલ મોહનભાઈ માટે અને એક નકલ મારા માટે હતી.

ભાઈ જ્યોતીન્દ્ર ઘરે ગયા અને અમે બેઠકખંડમાં ગયા. બે વ્યકિતઓ દર્શન–વંદન માટે આવેલ. પાછળથી ત્રણ અન્ય વ્યકિત પણ જોડાયેલ. આજે સંવાદ નીચે પ્રમાણે ચાલ્યો.

પ્રશ્ન – કોઈ વાર કાર્ય કરતાં મનમાં દ્વિધા ઊભી થાય ત્યારે શું કરવું ?

મહાત્માજી—અંતઃકરણમાં બેઠેલ દેવ દોરે છે તો એ હંમેશાં ન્યાય અને સદાચારને માર્ગે જ દોરે છે–ખોટે માર્ગે દોરતો નથી. દ્વિધા ઊભી થાય ત્યારે અંતઃકરણ દોરે તે માર્ગે મક્કમ બનીને ચાલવું હિતકારક હોય છે.

પ્રશ્ન—સાચા સાધકનાં લક્ષણ કેવાં હોય છે ?

મહાત્માજી—સર્વનાશના પ્રસંગે પણ તેનું ચિત્ત ધૈર્યથી ભરપૂર હોય છે. તે નિઃસ્પૃહી, અંદર–બહાર પવિત્ર, જિતેન્દ્રિય, બુદ્ધિપ્રતિભાયુકત, વાણીવર્તનમાં વિવેકી અને નિર્વિકાર ચિત્તવાળો હોય છે. સાધકનાં તમામ કાર્ય પોતાના માટે અને સાથોસાથ અન્ય માટે હિતકારી, શરીર–મનને માટે સુખદાયક અને લોક–પરલોક માટે કલ્યાણકારી હોય છે. સાધકે વૃત્તિ–વાસનાના ઉગમ સ્થાન મનને જ શાન્ત કરી દીધું હોય છે

સાથે ફરવા ગયો. આજની સાંજે–મહામિલનની પૂર્વસંધ્યા

એ-હૃદય ભાવવિભોર છે.

સારાય દિવસ દરમિયાન પ્રતીક્ષાનું મધુર સંવેદન પળે પળે અનુભવતો રહ્યો છું. કોઈ સ્વજન-આપ્તજન સમક્ષ પણ આવતી કાલના પ્રસંગ અને આનંદની અનુભૂતિ વ્યક્ત કરેલ નથી.

પ્રવચનમાં મહાત્માજીએ નરસિંહ મહેતાનું એકપદ ગાયું હતું. વિવિધ ૨૫-૩૦ ધૂન પૈકીની આજે એક મધુર ધૂન હતી. પ્રવચન પછીની રાતની સત્સંગ-બેઠક શરૂ થઈ છે. આરંભમાં જ મહાત્માજીએ નીચેનું ભાવવાહી ગીત શરૂ કર્યું:...

૧

પ્રેમ કર્યા વિના ચાલશે ના-(૨)
જેણે તારો રાહ છે ઝાલ્યો, જેને તારો એક છે સહારો,
તેને તેને આંગળી આપી, દોર્યા વિના ચાલશે ના,
પ્રેમ કર્યા વિના ચાલશે ના (૨)

૨

મૂંગા મૂંગા જેના પોકારો, જોઈ પીગળે પથ્થર-પહાડો,
જેની આંસુની ધારે ધારે, તારે માટે વેદના ચાલે,
તેને તેને ચાહ કરીને, ચાંપ્યા વિના ચાલશે ના,
પ્રેમ કર્યા વિના ચાલશે ના-(૨)

૩

ઠોકે ઠોકે રોજ સવારે, બારણાં તોયે ના તું ઉઘાડે,
તેને તેને થાક ભૂલ્યાને, નિદ્રા ત્યજીને બહાર ઊભાને,
ભેટ્યા વિના ચાલશે ના, પ્રેમ કર્યા વિના ચાલશે ના-(૨)

૪

લાત મારે તોયે જે પગ ચાટે, તુચ્છકારે તોયે પ્રેમે પધારે,
તેને તેને અંતર તારે, ગાન બનીને કોક સવારે,



જાગ્યા વિના ચાલશે ના, પ્રેમ કર્યા વિના ચાલશે ના-(૨)

૫

ડૂમે ડૂમે આંસુડા સારે, નીંદ ના આવે રાત દહાડે,
તેના દર્શને ધન્ય થવાને, પ્રેમે નહાવાને શુદ્ધ થવાને,
આવ્યા વિના ચાલશે ના, પ્રેમ કર્યા વિના ચાલશે ના-(૨)

હલક સુપ્ત પ્રાણોને જગાડી દે તેવી હતી. ભજનાનંદ અને ભાવોર્મિ સાથે મહાત્માજી તદાકાર હતા.

પંક્તિએ પંક્તિએ ભક્તહૃદયની તીવ્ર ઉત્કંઠા અને અનંત વેદના ઝલકતી હતી; તેની અંદરનો આર્તનાદ સાંભળનાર સૌ કોઈના હૃદયમાં પ્રતિઘોષિત થતો હતો.

ખરેખર પવિત્ર પ્રેમમાં પરમાત્માને પણ નજર સમક્ષ સાકાર સ્વરૂપે ખેંચી લાવવાનું સામર્થ્ય રહેલું છે, તે સત્યનો પ્રતિધ્વનિ ગીતના શબ્દે શબ્દમાંથી ઊઠતો હતો.

ગીત પૂરું થતાં મહાત્માજીએ મારી તરફ દૃષ્ટિ કરી સંકેત આપ્યો. મેં રોજના ક્રમ મુજબ હસ્તલિખિત પ્રતમાંથી બે-ત્રણ પાનાં વાંચ્યાં. વાચનના વિષય ઉપર વિચારોની આપ-લે પૂરી થઈ.

આજે અચાનક મનમાં વિચાર ઊઠ્યો. આ બેઠકમાં અન્ય સુયોગ્ય-સુશિક્ષિત વ્યક્તિઓ સામેલ હોય છે. તેઓમાંથી કોઈને બદલે મારે ભાગે જ આ વાચન રોજ રોજ આવે છે.

સૌ અજાણ્યાઓમાં હું પણ એક અજાણ્યો જ હતો. હું તો પાંચ-છ દિવસ મોડો રાતની આ બેઠકમાં જોડાયેલો. છતાં એમ કેમ બને છે કે પસંદગી મારા ઉપર ઊતરે છે?

કાર્ય-કારણની કોઈ વાત અહીં ઊભી ન હતી. 'પરમ'નું કોઈ પરિબળ, કોઈ ઋણાનુબંધ, કોઈ પ્રેમ-કરુણાનો ભાવ અહીં કામ કરતો હશે? કોઈ દૈવી સંકેત હશે?

પરમ દિવસની સવારની કૃપાવર્ષા અને આ પસંદગી

વચ્ચે કોઈ નિશ્ચિત સંબંધ હોવાની પ્રતીતિ થાય છે.

મહાત્માજી સાથે શ્રોતાસમૂહમાંથી આજે ટૂંકો સંવાદ ચાલ્યો. મહાત્માજીએ શાન્તિમંત્રના થોડા શ્લોકોનું ગાન કર્યું. સમય પૂરો થતાં સૌએ પ્રણામ કરીને રજા લીધી.

રાતે સૂતી વખતે વિચાર આવે છે કે જેને બધા છોડી દે છે અને જેનું કોઈ નથી તેનું ઈષ્ટ ધ્યાન રાખે છે. મને લાગે છે કે જેને હું શોધતો ફરતો રહ્યો છું, તેને હું આજે પામ્યો છું. આજે કોઈક નિમિત્તે આનંદ મારી આંખમાં આંસુથી છલકાઈ ઊઠવા ઇચ્છે છે. મારા હૃદયમાં ભાવ જાગે છે કે મારી જીર્ણ નાવડીને તરાવતાં તરાવતાં મારે હવે ઘાટે ઘાટે ફરવાનું નથી રહ્યું. નાવડીને કિનારો સાંપડી ગયો છે—માત્ર લંગર નખાવું બાકી રહે છે.

હૃદય ઉપર આમંત્રણનો સંદેશો લખાઇ ગયો છે. હવે હવે આજની એક રાત માત્ર બાકી છે—માત્ર એક રાત.

-ક્રમશઃ



# રામકૃષ્ણ કથામૃતના લેખક ( હપ્તો બીજો )

શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત.

નારાયણ હ. જાની

શ્રી. મહેન્દ્રનાથઃ–હવે આપને સાયંપૂજા કરવાનો સમય થયો હોય તો અમે આપની રજા લઇએ?

શ્રી. રામકૃષ્ણઃ–( હજુ ભાવાવસ્થામાં ) ના, શું સાંજની પૂજા? ના. ના. તે એ નથી.

તે પછીથી કેટલીક વધુ વાતચીત બાદ શ્રી. મહેન્દ્રનાથે પ્રણામ કરી તેઓની રજા લીધી. શ્રી રામકૃષ્ણે તેને ફરી આવવા કહ્યું. ઘરે જતાં રસ્તામાં શ્રી મહેન્દ્રનાથ વિચારવા લાગ્યાઃ "આ એકદમ સરળ દેખાતો પુરુષ કોણ હશે? ફરી ફરી એમની પાસે જવાની મને ઈચ્છા થાય છે? શું વિદ્વાન થયા સિવાય, માણસ મહાન થઇ શકે ખરો? કેવું આશ્ચર્ય-કારક? "મારે ફરી એમને મળવું જ પડશે, અરે, એમણે પોતે જ મને ફરી આવવા નથી કહ્યું શું? હું જરૂરથી આવતી કાલે કે પરમ દિવસે ફરી એમની પાસે આવીશ."

શ્રી રામકૃષ્ણદેવના શારીરિક દેખાવ વિષે શ્રી મહેન્દ્રનાથે કશું લખ્યું નથી; તે ઉણપ જરૂર લાગે છે. આમ છતાં, શ્રી. નાગેન્દ્રનાથ ગુપ્તના–પુસ્તક "Reflections and Reminiscences" "ચિંતનને સંસ્મરણો"માં આપણને તે સમયનું શ્રી રામકૃષ્ણદેવનું વર્ણન મળી રહે છે. સને ૧૯૮૧ના વર્ષમાં તેઓશ્રી જ્યારે બોટમાં બેસીને શ્રી કેશવચંદ્ર સેનને મળવા જઈ રહ્યા હતા, ત્યારે લેખકે એમનું વર્ણન કરેલું છે.

"પોતાની શિષ્ય મંડળી સાથે શ્રી. પરમહંસદેવ સ્ટીમરમાં બેસી શ્રી. કેશવચંદ્ર સેનને મળવા રવાના થયા. તેઓએ લાલકિનારનું ધોતિયું ને ખમીસ પહેરેલાં હતાં. ખમીસનાં બટન ખુલ્લાં હતાં. એમનો ચહેરો કંઇક અંશે કાળાશ પડતો ડાઢીવાળો હતો. કદી પૂરી નહિ ઉઘડતી એની આંખો જાણે કે અંતરદર્શન કરતી લાગતી હતી. એમની ઊંચાઇ મધ્યમ પ્રકારની અને શરીરનો બાંધો નાજુક ને ખૂબ દૂબળો કહી શકાય એટલો પાતળો હતો. તેઓ ગામઠી બંગાળી ભાષા બોલતા. તેમની વાણીમાં સહેજ ખચકાટ વરતાતો જે ખરેખર સુંદર લાગતો. બોલવામાં તેઓ વારંવાર 'તમે...તમે' નો ઉપયોગ કરતા."

શ્રી. મહેન્દ્રનાથે પણ તેઓની દક્ષિણેશ્વરની બીજી મુલાકાતના વર્ણનમાં શ્રી. રામકૃષ્ણદેવની વાણીના તોતડાપણાનો ઉલ્લેખ કર્યો છે. જો કે શ્રી. રામકૃષ્ણના પહેલાંના જીવનના વર્ણનમાં આવી જબાનનો કોઈ ઉલ્લેખ મળતો નથી. એટલે એ વિષે આપણી પાસે જાણવાનું કોઈ ચોક્કસ સાધન નથી કે તેઓની આ ક્ષતિ જન્મજાત હતી કે સમાધિની અસર નીચે કેવળ પ્રસંગોપાત વરતાતી.

શ્રી. રામકૃષ્ણ એમના ગામ કામારપુકુરમાં બોલાતી ગામઠી અસરવાળી બંગાળી ભાષા બોલતા. શિક્ષિત બંગાળીનાં ધોરણોની દૃષ્ટિએ તે વ્યાકરણ ને ભાષાકીય સંસ્કારિતાની ઊણપવાળી લાગે, એ સ્વાભાવિક હતું. ગ્રામ્ય સમાજમાં લોકો પ્રાણીઓના પરસ્પરના મિલનની વાતો સંકોચ વગર સાહજીક રીતે જ કરતા હોય છે. એવી જ સહજતાથી, શ્રી. રામકૃષ્ણદેવ ગ્રામ્ય ઉપમાઓ ને સરખામણીનાં ઉદાહરણો આખા જીવન દરમ્યાન આપી વાતો કરતા, જે શહેરી શ્રોતાઓને



કેટલીકવાર ખૂંચતું. પરંતુ એ શબ્દો એટલી નિર્દોષતાપૂર્વક એમના મુખેથી બોલાતા કે એની કોઈ ખરાબ અસર વરતાતી નહિ

હવે આપણે શ્રીમહેન્દ્રનાથની બીજી મુલાકાતનું વર્ણન જોઈએ.

તેઓની આ મુલાકાત સવારના આઠ વાગે થઇ હતી. શ્રી. રામકૃષ્ણ તે વખતે હજામત કરાવવા બેસતા હતા. હજી સવારની ઠંડી હતી અને એમણે સુંદર શાલ ઓઢેલી હતી, જેની કિનારી સુંદર લાલ કપડાથી ઓટેલી હતી. શ્રી. મહેન્દ્રનાથને જોતાં જ શ્રી રામકૃષ્ણે કહ્યું, તમે પાછા આવ્યા ખરા. સારું કર્યું અહીં બેસો."

આ વાર્તાલાપ અગ્નિ ખૂણા બાજુની ઓસરીમાં થયો, તે વખતે હજામ પણ હાજર હતો. ઓસરીમાં બેસી હજામત કરાવતાં શ્રી. રામકૃષ્ણ વચ્ચે વચ્ચે શ્રી મહેન્દ્રનાથ સાથે વાત કરતા જતા એ વખતે એમણે શાલ ઓઢેલી હતી. પગમાં સપાટ હતા ને મુખ ઉપર મધુરું હાસ્ય હતું. બોલતા જાણે કે તેઓની જીભ અચકાતી હતી.

શ્રી. રામકૃષ્ણઃ- તમારું ઘર ક્યાં છે, તે મને કહેશો ?

શ્રી. મહેન્દ્રનાથ :-જી, મારું ઘર કલકત્તામાં જ છે.

શ્રી. રામકૃષ્ણઃ-ત્યાં તમે કોની સાથે રહો છો ?

શ્રી. એમઃ-મારી મોટી બેન સાથે. તેઓ બારાનગરમાં રહે છે. તે ઘર ઈશન કવિરાજનું છે.

શ્રી. રામકૃષ્ણઃ-ઓહ, ઈશન કવિરાજના ઘરમાં રહો છો? તો તો કેશવચંદ્ર સેનને કેમ છે, તે તમે જાણતા હશો ?

વચ્ચે તે બહુ બિમાર હતા.

શ્રી. એમઃ-મેં પણ એવું સાંભળેલું. પરંતુ હું માનું છું કે હવે તેમને સારું છે.

શ્રી. રામકૃષ્ણઃ-મેં મા જગદંબાને તેમના સાજા થવા માટે ખૂબ પ્રાર્થના કરેલી અને લીલા નાળિયેર અને સાકરની બાધા પણ રાખેલી. હું વહેલી સવારે જાગી જતો અને માને રડતાં રડતાં પ્રાર્થના કરતો કે હે મા! તું કેશવને માંદગી-માંથી સાજો કરી દે. જો કેશવ સાજો નહિ થાય તો પછી હું કલકત્તા જઈશ ત્યારે કોની સાથે વાત કરી શકીશ? એટલે જ મેં જગદંબાની નાળિયેર અને સાકરની બાધા રાખેલી. કહો તો, કલકત્તા આવેલા શ્રી. કૂકને તમે જાણો છો? શ્રી. કેશવચંદ્ર મને સ્ટીમર ઉપર લઈ ગયેલા, ત્યારે શ્રી કૂક પણ ત્યાં હતા. મને ખ્યાલ છે ત્યાં સુધી તે ભાષણો કે પ્રવચનો કરે છે.

શ્રી. એમઃ-જી, મેં પણ એમના વિષે એવું સાંભળ્યું છે, પરંતુ એમના કોઈ પ્રવચન સાંભળેલાં નથી, એમના વિષે મને વિશેષ માહિતી નથી.

શ્રી. રામકૃષ્ણ :- શ્રી. પ્રતાપનો ભાઈ થોડા દિવસ માટે અહીં હતો. એની નોકરી છૂટી ગયેલી એટલે તે થોડા દિવસ અહીં રહેવા માગતો હતો. મેં સાંભળ્યું કે એને તો ઢગલા-બંધ છોકરાં છે. એણે એમને ત્યજી દીધાં છે અને એની પત્નીને એને પિયર મૂકી આવ્યો. મેં એને કહ્યું, "જરા સાંભળ, તારે બાળકોનું ભરણપોષણ કરવાનું છે. શું તું એમ માને છે કે તારાં પડોશીઓ એમનું ભરણપોષણ કરી ઉછેર-શે? છી. તને એટલી પણ શરમ ન આવી કે તેમને તું તારા



સસરાને ત્યાં મૂકી આવ્યો, કે જેથી તેઓ એમની સંભાળ રાખે! મેં એને સખત ઠપકો આપ્યો અને નોકરી શોધી લેવા સૂચના આપી. તે પછી જ તે અહીંથી જવા તૈયાર થયો. (શ્રી. મહેન્દ્રનાથને) તમે શું પરણેલા છો?

શ્રી. એમઃ- જી હા.

શ્રી. રામકૃષ્ણ:-(ધ્રૂજારી ખાતાં) ઓહ, રામલાલ! કેવું લાજી મરવા જેવું! આ તો પરણેલો છે!

રામલાલ શ્રી રામકૃષ્ણનો ભત્રીજો હતો અને કાલીમાતાના મંદિરમાં પૂજારી તરીકે નોકરી કરતો હતો. જાણે કોઈ ભારે ગુન્હો કરી બેઠા હોય એમ લજવાઈને. માથું નીચું રાખી શ્રી. એમ. બેસી રહ્યા. એમને પોતાને પ્રશ્ન થયો કે પરણવું, "શું ખરેખર ખરાબ છે?"

ત્યાં શ્રી. ગુરુદેવે પૂછ્યું, "તમારે કોઈ બાળકો છે?" આ પ્રશ્ન સાંભળી શ્રી. મહેન્દ્રનાથના છાતીના ધબકારા વધી ગયા. એમણે ઢીલાશપૂર્વક કહ્યું, "જી હા, ગુરુદેવ, મારે બાળકો છે."

આ સાંભળી શ્રી ગુરુદેવ ભારે ખિન્ન થયા, અને આશ્ચર્ય-પૂર્ક બોલ્યા, "અરે, કેવું શરમજનક, આને તો બાળકો પણ છે!"

આવો ઠપકો મળતાં, શ્રી મહેન્દ્રનાથ તો સાવ અવાક થઈ ગયા! એમનું આત્મગૌરવ ઘવાયું. થોડી ક્ષણો બાદ શ્રી રામકૃષ્ણે માયાળુભાવે એમની સામે જોઈને, પ્રેમપૂર્વક પૂછ્યું. "જુઓ, તમારું કપાળ આંખો વગેરે જોતાં તમે કેટલાક શુભ લક્ષણો ધરાવો છો તે હું જાણું છું. કહો જોઈએ, તમારી

પત્ની કેવા પ્રકારની સ્રી છે? શું તે ભલી છે કે દુષ્ટ છે?"

શ્રી. એમઃ–એ એક ભલી સ્રી છે, પરંતુ એ અજ્ઞાની છે.

શ્રી. રામકૃષ્ણઃ– ( વચ્ચેથી વાતચીત કાપી નાંખતા ):– ત્યારે શું તમે જ્ઞાની ને ડાહ્યા માણસ છો, એમ કે?

શ્રી. મહેન્દ્રનાથ હજુ જાણતા ન હતા કે જ્ઞાન કોને કહેવાય અને અજ્ઞાન કોને કહેવાય. એમણે તો માનેલું કે જેઓ ભણેલા છે અને પુસ્તકો વાંચ્યા છે, તેઓ બધા જ્ઞાની છે. પરંતુ પાછળથી આ અણસમજ દૂર થઈ. કારણ એમને પછી ખબર પડી કે ઈશ્વરને જાણવો એ જ જ્ઞાન છે; અને એને ન જાણવો એ જ અજ્ઞાન છે. ગુરુદેવે જ્યારે સામુ પૂછ્યું કે "શું તમે જ્ઞાની માણસ છો એમ કે!" ત્યારે તો મહેન્દ્રનાથના અહંને ભારે ફટકો પડ્યો. ( ક્રમશઃ )

ધ્યાન જપની સાધના વિના, આંતરિક શુદ્ધિ આવતી નથી. અને જ્યાં સુધી શુદ્ધિ ન હોય ત્યાં સુધી આત્મદર્શન શક્ય નથી.

યોગેશ્વર

PHONES : 292326. 295639 RESI: 441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

S. V. Enterprises
J. V. Shah
Worldwide Exporters
203, Sharoa Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.



# એક સલુણી સંધ્યાએ વીણેલાં મોતી

શ્રી દીનાબેન ઘડિયાળી

વૈશાખના ધોમધખતા બપોર પછી સંધ્યાની શીતળતા માણવા કોંક સરિતા તટે સમય પસાર કરવો ગમે. સૂરતવાસીઓ એપ્રિલના આરંભથી પૂ. યોગેશ્વરજીના આગમનની વાટ જોતા હતા. હું યે એ વંદનીય વિભૂતિના આગમનના સમાચાર જાણવા ઉત્સુક હતી. એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં એ અવસર આવી પહોંચ્યો. સંતપ્રેમી સત્સંગી આત્માઓને ઉનાળાની સાંજ પસાર કરવા આધ્યાત્મિક સરિતા–તટ મળી ગયો. એક શિશુ સહજ ભાવે તેમની અસ્ખલિત વહેતી વાણીમાંથી નીતરતાં જ્ઞાન અને ભક્તિનાં નીરનું આચમન લેતાં એક પ્રકારનો આનંદ મળતો. આજે મળેલો આનંદ બીજે દિવસે બેસંટ હોલ જવાનું પ્રેરકબળ બનતો

દિવસો ઝડપભેર વહી ગયા. પરંતુ છવ્વીસમી મે ના પૂજ્ય મહાત્માજીના શબ્દોને, વિચારોને નવરાશની પળોમાં વાગોળતાં આજે શબ્દસ્વરૂપ આપવાની સહેજે ઇચ્છા થાય છે. એ આનંદ અનેક સાથે વહેંચવામાં આજે સુખ લાગે છે.

## હું સંભારું છું

...જે શક્તિ માનવીને પૃથ્વી પર જન્મ આપે છે, તે જ શક્તિ માનવીનું રક્ષણ કરે છે. દવાની ગોળી કરતાં ઓમકારની ગોળીની અસરકારકતા સમજાવતાં તેમણે શ્રદ્ધાળુ આત્માઓની શ્રદ્ધાને પોષી. અન્યને પરમાત્મા પ્રત્યેની, તેની ભક્તિ

પ્રત્યેની શ્રદ્ધા પ્રત્યે વાળ્યાં ત્યારે વિશ્વના અમેરિકા જેવા પ્રગતિશીલ દેશમાં લોકો ક્રિશ્ચિયન સાયન્સને અનુસરતાં ને કેવળ કુદરતમાં જ શ્રદ્ધા ધરાવી કોઈપણ પ્રકારની દવાથી દૂર રહે છે, એ હકીકત યાદ આવી. 'કુદરત મટાડશે' પશ્ચિમની એ શ્રદ્ધા હજારો દવા કરતાં એક દુવા બંદગી વધુ પ્રબળ છે, એ મહાત્માજીની વાણીને પૂર્વનાં પૂરવાર કરેલાં સત્ય તરીકે પ્રતિસ્થાપિત કરે છે

...આપણા શાળા–કોલેજના વિદ્યાર્થીઓને આત્મશક્તિના આધાર પર આગળ વધવાની પ્રેરણા આપતાં પૂજ્ય શ્રીએ કહ્યું: "વેદાંતનો સંદેશો શિક્ષક અને શિષ્ય બંનેને સ્પર્શે છે. આ સંદેશો સમજી વ્યક્તિએ પોતામાં રહેલી નિર્બળતાઓને જાકારો આપી આત્મબળ સુદૃઢ બનાવવા પ્રયત્નશીલ બનવું રહ્યું. વિદ્યાર્થીઓને અને તેમની સાથે શિક્ષણજગતમાં સંકળાયેલાંઓને દેશભક્તિ અને આધ્યાત્મિક પંથે પ્રેરકબળ પૂરું પાડતાં પૂજ્ય શ્રીએ આજન્મા, અવિનાશી આત્માઓને દીનતા, હીણતા, નિર્બળતા, ડરપોકપણું દૂર કરી આત્માની દુનિયામાં જાગવાનો સંદેશ આપ્યો છે.

...જે અહીં મૂકીને જવાનું છે તેની પ્રાપ્તિ માટે માનવી વધારેમાં વધારે પુરુષાર્થ કરે છે. આ હકીકત પર પ્રકાશ પડતા પ્રસંગો ટાંકી નિરર્થક માટેનો પ્રયત્ન છોડી સાર્થક, સાત્ત્વિક સત્ય માટેના પુરુષાર્થ પ્રત્યે પ્રયાણ આદરવાનો પૂજ્યશ્રીએ માર્ગ ચીંધ્યો છે. આપણી દિનચર્યા, અર્થપ્રાપ્તિ માટેના માનવીના અવિરત પ્રયત્નો, દુન્યવીલાભો સગપણ, સંબંધો આ દુનિયામાં મૂકીને જવાનું છે. સાથે લઈ જવાનું કાંઈ પણ હશે તો તે આપણો આત્મપ્રકાશ. આ આત્માને પ્રભુભક્તિથી દેદીપ્યમાન બનાવવાના પ્રયત્નો માટેનું બળ



મહાત્માજીના શબ્દે શબ્દે વહેતું રહ્યું.

...રુચિ અને પ્રકૃતિને ઓળખીને ચાલો એ યોગેશ્વરજીની શિખામણ દિવસની પ્રત્યેક ક્ષણને ઉજાળે એવી છે. મને શું ગમે છે? મારી પ્રકૃતિને શું અનુકૂળ છે? તે જાણવાની અને સાત્ત્વિક રુચિ અને પ્રકૃતિની માંગને સમજી તે અનુસાર વર્તવાની આવશ્યકતા પર તેમણે ભાર મૂક્યો.

....કુદરતની શક્તિ જ ચમત્કાર સર્જી શકે. કુદરતનાં તમામ સર્જનો અને તેમાં તેનું સર્વોત્તમ સર્જન માનવી! કુદરતની શક્તિનો પૂરો પરિચય કરાવે છે. અનેક ડોકટરોના માનવીના જીવનને બચાવવાના અનેક પ્રયત્નો છતાં તેનું પ્રાણપંખેરૂ ક્યારે ઊડી જાય છે તેની ખબર પડતી નથી. 'આ દર્દી હવે નહીં જ જીવે'–એવી ખાતરી છતાં સાજો થઈ લાંબો સમય જીવે ત્યારે વિજ્ઞાન પર કુદરલનો વિજય દૃષ્ટિમાન થાય છે. માનવ શરીરની રચના અને કેટલીક ઘટનાઓ દ્વારા યોગેશ્વરજીએ સ્પષ્ટ કર્યું કે કુદરતની શક્તિ જ ચમત્કાર સર્જી શકે, માનવશક્તિ કાંઈ નહીં કરી શકે.

...'સાધનાને માર્ગે ઝુકાવી દો, ઝંપલાવી દો.' સાધનાનો માર્ગ મરજીવાનો છે, એવું સૂચવતો એમનો ઉપરોક્ત આદેશ સાધકોને પુરુષાર્થ કરવા પ્રેરે છે.

...આગળ વધો એ મહત્ત્વનું છે. જે માર્ગ નક્કી કરો તે પર કુરબાન બનો. સંકલ્પ અને સંકલ્પ સાકાર કરવા એકાગ્રતાની આવશ્યકતા સમજાવતાં યોગેશ્વરજીએ દત્તાત્રયના ચોવીસ ગુરુમાંના એક, બાણ બનાવનારનું દૃષ્ટાંત રજૂ કર્યું હતું.

નિર્ગુણ અને સાકાર ઉપાસનાની સુંદર છણાવટ કરતા મહાત્માજીના કેટલાંક જીવનસ્પર્શી વિચાર-મોતી તેમના પ્રવચનની વહેતી સરિતાતટે બેસી મુગ્ધપણે વીણી લીધાં હતાં. એક સલુણી સંધ્યાએ આ મોતીઓને વીણતાં મારો સ્પર્શ મ રી યોગ્યતાના પ્રમાણમાં જ તેનો પ્રકાશ જાળવી શકશે, એ હું જાણું છું. એનો સાચો પ્રકાશ પ્રાપ્ત કરવાના પુરુષાર્થ અને તીવ્ર ઝંખના આપણા સૌને પ્રાપ્ત થાય એવી કુદરતની કૃપા યાચું છું.

## અધ્યાત્મના આજીવન સભ્યો

આજીવન સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. નવા નોંધાયેલ સભ્યોનાં નામ આ પ્રમાણે છે

| | |
|---|---|
| ૧૫૩ મે. વલિયા બ્રધર્સ પ્રા. લિ., મુંબઈ. | ૨૫૧–૦૦ |
| ૧૫૪ શ્રી રાજુભાઈ પ્ર. પુરોહિત, વડોદરા. | ૨૫૧–૦૦ |
| ૧૫૫ સ્વ. બિન્દુબેન. ના. જાની, ભાવનગર. | ૨૫૧–૦૦ |
| ૧૫૬ શ્રી પ્રતાપભાઈ પી. ત્રિવેદી, ભાવનગર. | ૨૫૧–૦૦ |
| ૧૫૭ શ્રી જયંતકુમાર ધીરજલાલ શાહ, મુંબઈ. | ૨૫૧–૦૦ |

**નોંધઃ**-શ્રી. પ્રતાપભાઈ ત્રિવેદી દર મહિને રૂા. ૧૧ની બચત કરી મને આપતા. અને એ રીતે આજીવન સભ્ય થવાનો તેમણે સંકલ્પ પૂરો કર્યો છે, તે બદલ અભિનંદન.



# પ્રકાશના પંથે

યોગેશ્વરજીની આત્મકથા

( ગતાંકથી ચાલુ )

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

### હરદ્વાર અને ઋષિકેશ

સરોડા જઈને અખંડાનંદજીએ આપેલી મદદની બધી રકમ મેં માતાજીના હાથમાં મૂકી ત્યારે તેમને ભારે નવાઈ લાગી. મેં કહ્યું, 'ઈશ્વરની ઇચ્છા વિના અજાણી વ્યક્તિ પાસેથી આવી મદદ મળી શકે નહીં. ઈશ્વરની ઇચ્છા મને હિમાલય લઈ જવાની છે. તેથી જ આ મદદ મળી શકી.'

તે મને શું કહે ? મારી હિમાલય જવાની ઇચ્છા તેમને માટે દેખાતી રીતે જ દુખદ હતી. પણ તેમનામાં પહેલેથી જ ઊંડી સમજ અને આધ્યાત્મિક સંસ્કારનું અસ્તિત્વ હતું. એટલે એમની મંજૂરી મેળવતાં મને વાર ના લાગી.

લોકોને મારી હિમાલય જવાની વાત સાંભળીને નવાઈ લાગી. ધંધા, વેપાર, નોકરી કે અભ્યાસ માટે કોઈ આફ્રિકા, અમરિકા કે ઈંગ્લેન્ડ અને એવા બીજા કોઈ દેશમાં જાય તો કોઈને નવાઈ નથી લાગતી, તેની જાહેરાત કરવામાં આવે છે ને વિદાય થતાં પહેલાં વિવિધ રીતે એમનું સન્માન કરવામાં આવે છે. પણ ઈશ્વરપ્રાપ્તિ કે આત્મોન્નતિની સાધના કરવા માટે કોઈ વ્યક્તિ હિમાલય જેવા કોઈ એકાંત પ્રદેશમાં જાય તો લોકોને નવાઈ લાગે છે ને તેમની ટીકાનું પાત્ર થઈ પડે છે. આધ્યાત્મિકતા, સાધના, ધર્મ ને ઈશ્વર જેવા વિષયો તો સંસારમાં નાસીપાસ થયેલા, હારેલા ને કંટાળેલા દુઃખી માણસો માટે છે એવો મોટા ભાગના લોકોનો ખ્યાલ હોય છે.

પણ મેં ગામના લોકોની ટીકા કે વાતો તરફ ધ્યાન ન આપ્યું અને મારા ધારેલા કામને ચાલુ રાખ્યું. વડોદરા જઈને મેં તૈયારી કરી લીધી અને એક નાની સરખી થેલી સાથે એક વહેલી સવારે ઋષિકેશ જવા પ્રસ્થાન કર્યું. તે વખતે ઈ. સ. ૧૯૪૧ નો જાન્યુઆરી માસ ચાલતો હતો. હિમાલયમાં તે વખત ઠંડીનો ગણાય પણ ઠંડીનો વિચાર મારા નિર્ણયમાં નડતરરૂપ ના થઈ શક્યો.

વડોદરાથી રેલવે મારફત દિલ્હી પહોંચીને મેં હરદ્વારની ગાડી પકડી. આટલી લાંબી મુસાફરી મારે માટે આ સૌથી પહેલી હતી, પણ અંતરમાં ઉત્સાહ હોવાથી મને તેનો ના થાક લાગ્યો કે ના કંટાળો આવ્યો. હરદ્વાર ક્યારે આવી પહોંચ્યું તેની ખબર પણ ના પડી. હરદ્વાર આવી પહોંચતાં પવનની ઠંડી લહરીઓ સૌનું સ્વાગત કરવાની જાણે હરીફાઈ કરવા લાગી.

હરદ્વાર હિમાલયનું પ્રવેશદ્વાર છે. અહીંથી હિમાલય શરૂ થાય છે. હરદ્વારનું સ્થળ ઘણું પુરાતન છે. ત્યાંથી થોડે દૂર કનખલ છે, ત્યાં પુરાણપ્રસિદ્ધ દક્ષપ્રજાપતિનો યજ્ઞ થયેલો. તે ઉપરાંત હરદ્વારમાં સપ્ત સરોવર નામે એક બીજી સુંદર જગ્યા પણ છે.

ગંગાનું પાણી કેટલું બધું પવિત્ર છે? તપશ્ચર્યાથી નિર્મળ થયેલા તપસ્વીના હ્રદય જેવું તે નિર્મળ અને સુમધુર છે. કટિવસ્ત્રપહેરી હું તેમાં નહાવા પડ્યો. એ આનંદ અજબ હતો. મને થયું કે આજે મારું જીવન કૃતાર્થ થયું. તન, મન, અંતર નિર્મળ અને અલૌકિક થઈ ગયાં. અંતરમાં પ્રેમ અને શાંતિના ફૂવારા ફૂટી નીકળ્યા. રોમેરોમમાં જાણે કે રસ ફરી વળ્યો.



સૂર્યદેવતા સામે આંખ મીંચીને થોડો વખત મેં ધ્યાન
કર્યું ને પછી લાંબા વખત સુધી ઘાટ પર બેઠો. પણ મારા
પ્રવાસનું લક્ષ્ય હરદ્વાર નહીં પણ ઋષિકેશ હતું તે વાતનું
સ્મરણ હતું. હરદ્વાર આટલું સુંદર છે તો ઋષિકેશ કેટલું
સુંદર હશે? તે કલ્પના મારા મનમાં રમી રહી. મેં ઋષિ-
કેશની ગાડી પકડવા સ્ટેશન તરફ પ્રયાણ કર્યું પરમાર્થના
પ્રવાસીએ આ વાત ખાસ યાદ રાખવાની છે, પોતાના લક્ષ્ય
કે ગંતવ્યસ્થાનને તેણે કદી ભૂલવાનું નથી.
હરદ્વાર ને ઋષિકેશ વચ્ચે એકાદ કલાકનું જ અંતર છે.
ગાડીનો માર્ગ જંગલમાંથી પસાર થાય છે ત્યારે દેખાવ
ઘણો જ રમણીય લાગે છે. ઋષિકેશનું સ્ટેશન છેક જ નાનું
છે. ગાડી હવે અહીંથી આગળ નથી જતી. સ્ટેશનથી ગામમાં
જવાનો રસ્તો તદ્દન એકાંત ને જંગલનો છે. ઊંચા ઊંચા
પર્વતો યાત્રીઓનું સ્વાગત કરવા ઊંચી આંખ કરીને ન જાણે
કેટલાય કાળથી ઊભા રહ્યા છે.
ઋષિકેશ ને હરદ્વારમાં કેટલો ફેર છે? એક ગોકુલ અને
બીજું મથુરા. એક બેટ ને બીજું દ્વારકા. ઋષિઓની યાદ
દેનારી ઋષિકેશની ભૂમિને મેં પ્રણામ કર્યાં. એ ભૂમિનો
સ્પર્શ કેટલો પાવનકારી હતો? એ ભૂમિ કેટકેટલાં પ્રસ્થાન
ને મહાપ્રસ્થાનોની સાક્ષી હતી? કેટકેટલાં તપસ્વી, યોગી,
રાજર્ષિ મહર્ષિને તેણે પોતાને ખોળે આશ્રય આપીને
રમાડ્યા હતા. અને આત્મિક ઉન્નતિની આતુરતાવાળા કેટ-
કેટલાં માનવબાલોને શાંતિ આપેલી? વ્યાસ, વાલ્મીકિ,
શુકદેવ દત્તાત્રેય, ભગીરથ, શંકર, પાંડવને શંકરાચાર્યની
ચરણરજથી પાવન થયેલી એ ભૂમિ અતીત કાળથી તે આજ
સુધી કેટકેટલા સંતો ને સાધારણ માણસોના આકર્ષણનું
કેન્દ્ર બની છે, તે કોણ કહી શકે? ભારતની જ નહીં ભારત

બહારની પ્રજા પણ તેનું દર્શન કરવા સદા આતુર રહી છે. ગંગા અને હિમાલયનું જાદુ સાધારણ માણસને પણ સદા આકર્ષ્યા કરે છે. એ શબ્દોની સાથે ભારત ને તેની સંસ્કૃતિનો સૈકાઓ જૂનો ઇતિહાસ સંકળાયેલો છે. આ ભૂમિના દર્શન માટે કેટકેટલા દિવસોથી મેં સ્વપ્નાં સેવેલાં ને કેવા કેવા મનોરથો કરેલા ! ઈશ્વરની કૃપાથી તે સફળ થવાથી અંતરમાં આનંદ આનંદ છવાઈ ગયો. જીવનની મંગલતાના મહોત્સવમાં હું સામેલ થઈ રહેલો. પ્રાચીન ઋષિવરોની પંક્તિને શોભાવવા ને તેમની પરંપરાને જીવતી રાખવા હું તૈયારી કરી રહ્યો હતો.

આખરે હું શિવાનંદ આશ્રમ પાસે આવી પહોંચ્યો. શિવાનંદ આશ્રમનું સ્થાન એકાંત અને રમણીય હતું. પાસે જ ગંગા હોવાથી તેની રમણીયતામાં વધારો થતો. આશ્રમ તે વખતે ઘણો નાનો હતો. આશ્રમની ઓફિસમાં જઈને મેં એક સન્યાસી મહારાજ સાથે થોડીક વાતો કરી. શિવાનંદજીના દર્શન માટે મારું મન ઉત્સુક હતું. પરંતુ મારે જરા રાહ જોવી પડી. કેમકે દર્શન ને મિલનનો સમય સાંજના પાંચ પછીનો હતો. વચગાળાનો સમય આશ્રમના સંતપુરુષોની સાથે વાર્તાલાપ કરવામાં વહી ગયો.



# 'અનાસક્તિ કર્મયોગ'

ભૂપતરાય. મો. ઠાકર 'ઉપાસક'

ભારતની ભૂમિ યોગ ભૂમિ છે. તપ, ત્યાગ અને વૈરાગ્યની ભૂમિ છે. ઋષિ-મુનિઓ. સંતો, સંન્યાસીઓ વિયોગ દ્વારા યોગની સાધના કરતા. યોગ જ આપણો અમૂલ્ય વારસો છે, બધા યોગોમાં 'અનાસક્તિ કર્મયોગ' શ્રેષ્ઠ છે. અપેક્ષા રહિત અને ફલાસક્તિ રહિત કરેલું કર્મ એ યોગ છે. નિષ્ઠાપૂર્વક-નિષ્કામ કર્મ કરનારા જ સાચા યોગીઓ છે. વિચારોની સ્થિરતા ગુમાવ્યા વગર, ચલિત કે ચંચળ થયા વગર, તટસ્થતા જાળવી રાખનારા કર્મયોગી છે-તેઓ કર્મયોગ કરે છે.

પોતાના કાર્યમાં-કર્મમાં આત્મીયતા, એકાગ્રતા, પ્રસન્નતા અને તલ્લીનતા રાખીને, પોતાના સમસ્ત અસ્તિત્વ ને કામ સાથે એકરૂપ કરીને, શરીરશક્તિ અને બુદ્ધિશક્તિનો પૂરો ઉપયોગ કરે છે. ચિત્તની સ્થિરતા મનની પ્રફુલ્લતા જાળવીને જે હસતા હસતા ગાતા ગાતા કામ કરે છે. કામને માનસિક કે શારીરિક પોષણ સમજે છે. નવી તાજગી ને સ્ફૂર્તિથી કામ કરે છે 'કામ ને પૂજા' માને છે તે શુદ્ધ સ્વરૂપે યોગી છે.

ફળની આસક્તિ, ફળ પ્રાપ્તિ માટેની તીવ્ર ઝંખના, વધુ પડતી એષણા જ વિષાદ જન્માવે છે. ક્રોધ પ્રગટાવે છે, ગભરાટ-ઉકળાટ રઘવાટ વધારે છે. મનની અસ્થિરતા અને હિંસકવૃત્તિ બળવત્તર બનાવે છે. આત્મપીડન ઉદ્દભવે છે. બુદ્ધિની સમતુલા જળવાતી નથી. આસક્તિ જ દુઃખનું બીજ છે જે ઘટાદાર વૃક્ષ થઈ ફાલે ફૂલે છે.

દરેક કામને સરખું મહત્ત્વ આપનારા, કોઈ જ કામને સારું કે હીણું નહીં માનનારા-યોગ કર્મ કરે છે, એમ કહેવાય. ' ફકત કર્મ જ કરવું ' એ જ મુદ્રાલેખ જેમના જીવનમાં પ્રધાન છે તેમને કાંઈ જ સ્પર્શતું નથી. સારું-માઠું, માન-અપમાન. પ્રશંસા-નિંદા, સફળતા-વિફળતા. શુભ-અશુભ, હેય-ઉપાદેય, પાપ-પુણ્ય કે રાગ દ્વેષાદિના દ્વન્દ્વથી પર રહે છે, માત્ર નિજત્વમાં જ આનંદ અને સુખ ભોગવે છે. તે કર્મ સાધના કરે છે એમ કહેવું જરાય અસ્થાને નથી.

જે કામના ફળને વિચારતા જ નથી, અપેક્ષા રાખતા નથી, કિન્તુ સરળ અને નિર્વિકાર જીવન જીવીને. જે કાંઈ મળે તેમાં પરિતોષ અનુભવે છે, પોતાના વ્યક્તિત્વને પ્રકૃતિના પ્રભાવથી વિકસિત કરે છે ' જલકમલવત્ ' રહીને સાક્ષી ભાવે તટસ્થ રહીને પણ મસ્તીમાં રહે છે. નિજાનંદમાં મશગુલ રહે છે તે કર્મયોગી છે. ત્યાગીને ભોગવનારા, કર્મ ફળમાં લાલચ નહીં રાખનારા કર્મને જીવન માનનારા જ 'અનાસકિત કર્મયોગ કરે છે-કર્મયોગી છે.

કોઈપણ પ્રકારના ભાવ રહિત કર્મ કરનારને અભિમાન ક્યારેય સ્પર્શતું નથી. ' જે કાંઈ મારે કરવું જોઈએ તે જ કરું છું ' એમ માનીને કામની પૂર્ણાહુતિ સુધી મંડયા રહે છે. કર્તાભાવને દૂર કરીને ' હું તો માત્ર નિમિત્ત છું, એવો અનુભવ કરે છે.

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।** ની ઉકિતને જ આત્મસાત કરે છે તેના જીવનમાં નિરાશા, વિષાદ કે મૂઢતા ક્યારેય આવતાં નથી.

મળેલા કર્મને. મળેલા ફળમાં પૂર્ણ સંતોષના કારણે એમના જીવનમાં સરળતા, તરલતા, નિર્દોષતા અને પવિત્રતા



જળવાય છે. સંપૂર્ણ આનંદ નિરંતર અનુભવે છે.

ચહેરા પર આભા અને સ્મિત એવં સૌમ્યતા દેખાય છે. વિચારોમાં વિકૃતિ ક્યારેય આવતી નથી. નિર્વિકાર અને નિરાભિમાની જીવનની મસ્તીને માણે છે. કોઈ કાર્યમાં જરાય પ્રમાદ કે થાક અનુભવતો નથી. પૂર્ણાનંદમાં રહે છે. પૂર્ણ-આનંદ જ ઈશ્વરનું બીજું સ્વરૂપ છે-નામ છે.

બધા પ્રત્યે સમભાવ અને સદ્ભાવ, ઊંચ-નીચનો ભેદ, પોતાના પરાયાની દૃષ્ટિ એને હોતી નથી. મળેલા ફળની સંતોષપૂર્વક સ્વીકારે છે. ઈર્ષ્યા. દ્વેષ, વેર-ઝેરની દુષ્ટતા એને અડકતી નથી. તેને તો મોહ-માયા, મારું-તારું તો હોતાં જ નથી તેથી તે યોગી છે.

અનાસકિત રહિત કર્મ જ યોગ છે. કર્મથી મોં ફેરવી લેનારા-પ્રમાદી-આળસુ માણસો અધમ કોટિના છે. તેઓ પોતાનું કે સમાજનું અકલ્યાણ કરે છે. એવી વ્યકિતઓ ભારરૂપ, કલંકરૂપ અને પીડારૂપ છે.

જે કામને પૂજે છે, સમાજ તેને પૂજે છે. કામ દ્વારા જ સેવા કરનારા સાચા સંતો અને યોગીઓ છે તેઓ ' અખંડ આનંદ ' અનુભવે છે.

★

## હું

હું નથી આ જમાના કેરો વળી
અન્ય કોઈયે જમાનાનો નથી,
ના અતીતતણો નહીં ભવિતવ્યનો,
મને સાંપ્રતની હવા નડતી નથી.

સદાયે સ્વાત્મસ્થ
કાળદિશા તથા દેશથી પર
સૂક્ષ્મ ચૈતન્યે વસું
જગતમાં જીવું છતાં જગનો નહીં.

મને ના સંજોગસ્થળ ઘટનાતણાં
બદ્ધ કરતાં વાયુમંડળબંધનો.
સ્પર્શતાં કોઈયે ના કટુકંદનો.
દૃષ્ટિ દર્શન સ્પર્શ આલેખન બધું
દિવ્ય નંદનવન જગાવે નંદનો.

શ્રીયોગેશ્વરજી



## —રહ્યા નિશદિન—

ગઝલ

હૃદય સંદેશને તો આપ સાંભળતા રહ્યા નિશદિન.
જીવન ઉદ્દેશને તો આપ જાળવતા રહ્યા નિશદિન.
પ્રભો ! સંતપ્ત સંસારે કરુણા આપની વરસો,
સુણીને પ્રાર્થનાઓ આપ નિર્ઝરના રહ્યા નિશદિન.
વિભુ ! આ રમ્ય સૃષ્ટિમાં, તરંગી મન છે ચંચળ છે,
બનીને માર્ગદર્શક, પંથ વિસ્તરતા રહ્યા નિશદિન.
અમારી એષણાઓ જિજીવિષાઓ અંતહીન, સ્વામીના,
અમારા સ્વાર્થમય ક્રંદનને, પરહરતા રહ્યા નિશદિન.
તમે કરુણાતણા સાગર, તમે નિર્બળતણું બળ છો
જગત કષ્ટોનાં સત્યાસત્ય તારવતા રહ્યા નિશદિન.
પુનિત ચરણે સમર્પણ ભાવથી મસ્તક નમાવ્યું છે,
મુદિત સંતોષ સ્મિતે આપ, ઝળહળતા રહ્યા નિશદિન.

—રજનીકાંત મહેતા

## પ્રભાતિયું

નાથ પરમાત્મા આત્મા જગતના,
        પ્રેમે પુરુષોત્તમા હું પ્રણામું;
વિશ્વનું બીજ તું, રીઝ મમ ઉપરે,
        હસ્ત દ્વય જોડી તવ ભક્તિ યાચું- નાથ.
સૂતો નિદ્રા વિષે ભાન કંઈ નવ હતું,
        તે સમે જેમણે ભાળ લીધી,
શય્યાને ત્યાગતાં નેત્ર ઉઘાડતાં,
        તુજને સંભારતાં ઝાંખી કીધી- નાથ.
મૂળ સ્વરૂપમાં તત્ત્વ દીસે નહિ,
        તે થકી તું નિરાકાર ભાસે,
તત્ત્વમય દેહરૂપે પછીથી બની,
        લિંગ, અણુલિંગરૂપે પ્રકાશે- નાથ.
કીધો સંકલ્પને બ્રહ્મા ત્યાં પ્રગટીયા,
        વિશ્વ અનંત પછીથી જ કીધાં,
ઉત્પાદન કરણ. ભરણ ને મરણનો,
        સર્વ વિનિમય વિચારી લીધા- નાથ.
વાચા મનસા અને આ શરીરે થકી,
        કર્મ સઘળાં વળી જે જે થાતાં,
કર્મને સર્વ હું આપું તુજને પ્રભુ,
        ચરણના સ્મરણનું ગાન ગાતાં- નાથ.
ફળની ઇચ્છા નથી મન થકી કર્યું નક્કી,
        મુખ થકી કહુ વદી કર્ણ ધરજે,
રશ્મિ જે રહ્યો ભાવ તવ ઉપરે,
        વૃદ્ધિ કરશો વિભો મન કહે છે- નાથ.



# આસનો

લે. મણિભાઈ શાહ

## ઉડ્ડિયાન બંધ

યોગના બંધોમાં ઉડ્ડિયાન એક મહત્ત્વનો બંધ છે. યોગાભ્યાસીએ ક્યારેક અમુક બંધો એકસાથે અને ક્યારેક અલગ અલગ રીતે કરવાના હોય છે. ખાસ કરીને જાલંધર, ઉડ્ડિયાન અને મૂળબંધ અતિ મહત્ત્વના બંધો છે. ઉડ્ડિયાન બંધ નૌલિ-ક્રિયાની પૂર્વતાલિમ પણ છે. ઉડ્ડિયાન સારું આવડે તો નૌલિ શીખવી સહેલી થઈ પડે એટલે પહેલા ઉડ્ડિયાન શીખી લેવું જોઈએ.

બંધ એટલે બાંધી દેવું અથવા નિયંત્રણ કરવું. બંધનો ઉદ્દેશ પ્રાણની ગતિનું નિયંત્રણ કરવાનો છે.

ઉડ્ડિયાન બે રીતે થઈ શકે છે-ઊભા ઊભા અને બેઠા બેઠા. બેઠા બેઠા કરવાનો હોય ત્યારે:—

(૧) પદ્માસન વાળો અને બંને હાથ ગોઠણપર અંગૂઠો અંદરની બાજુ અને ચાર આંગળા બહારની બાજુ રહે એમ ગોઠવો. જુઓ ચિત્ર નં-૧

(૨) હવે ગરદન અને ખભાના સ્નાયુઓને સખત કરી થોડું ધડ નીચું નમાવી દો અને તરત જ એક બનાવટી શ્વાસ લેવાની સાથે ફેફસાની અંદરની હવા ઉચ્છ્વાસ દ્વારા બહાર કાઢી નાખી પેટના સ્નાયુઓ શિથિલ કરી પેટને અંદર અને ઊંચે ખેંચી લો. તેથી પેટમાં ખાડો પડશે. જુઓ ચિત્ર નં-૨ બાજુપરથી.

ઉપર બનાવટી શ્વાસ એટલા માટે કહ્યું છે કે તે શ્વાસ

લેવા જેવી ક્રિયા જણાય છે પણ હવા ફેફસામાં જતી નથી ઉલટાનું અંદરની હવા બહાર જાય છે અથવા કાઢી નાખીએ છીએ. પરંતુ ઉરોદરપટલ ઊંચે જવાથી વક્ષ પીંજર ફુલે છે. તેથી જ બનાવટી ' શ્વાસ ' કહ્યો છે. આ આખી ક્રિયા પોતાની મેળે શીખી શકાય છે, પરંતુ કોઈ જાણકાર પાસેથી જલદી શીખી શકાય છે. વળી ફોટોગ્રાફથી જેટલું ચોક્કસ રીતે સમજાવી શકાય તેટલું ચિત્ર નં-૧ થી પેટનું ઊંડાણ બતાવી શકાયું નથી અને તેથી પડખેથી ચિત્ર નં-૨ માં ઉડ્ડિયાનનું, ઊંડાણ દેખાડ્યું છે.

(૩) જ્યારે પેટને અંદર અને ઊંચે લઈ જવામાં આવે ત્યારે બંને હાથનો ગોઠણ પર ભાર દેવો પડે છે અને બંને હાથના જોરદાર ટેકાથી જ પેટનું જોઈએ તેટલું ઊંડાણ સધાય છે.

(૪) સહેલાઈથી શ્વાસ રોકી શકાય તેટલી વાર ઉડ્ડિયાન રાખી હાથના ટેકા અને ધડના સ્નાયુઓ શિથિલ કરી ઉડ્ડિયાન છોડી દેવો.

શરૂઆતમાં ચારપાંચ વાર કરવું. શ્વાસને હદબહાર રોકીને ઉડ્ડિયાન ચાલુ ન રાખવું.

ઉડ્ડિયાન ઊભા ઊભાઃ—

(૧) ૧૬" થી ૧૮" પગ પહોળા રાખી ઉભા રહો

(૨) ગોઠણમાંથી બંને પગ થોડા વાળી બંને હાથ સાથળ પર રાખો. જુઓ ચિત્ર નં-૨ ઊભા ઊભા. આમાં અંગૂઠા અંદરની બાજુ અને આંગળા બહારની બાજુ રાખવામાં આવ્યાં છે પણ તેથી ઉલટા ચિત્ર નં-૧ પ્રમાણે પણ રાખી શકાય. તમને જે ફાવે તે પદ્ધતિનો ઉપયોગ કરો. બેઠા બેઠા કરો ત્યારે પણ આંગળા અંદર કે બહાર રાખી શકાય બંને રીત પ્રચલિત છે.


(૩) હવે ગરદન અને ધડ થોડાં નીચાં નમાવી, તેના




સ્નાયુઓ સખત કરી બંને હાથના સાથળપર જોરદાર ટેકાથી બનાવટી શ્વાસ લો. સાથે સાથે ફેફસાની હવા બહાર કાઢી પેટને અંદર ખેંચી ઊંચું લઈ જાઓ. બીજી બધી સૂચનાઓ બેઠા બેઠા કરીએ તેના જેવી જ છે. પરંતુ ઊભા ઊભા કરવાનું છે, એટલો જ ફરક છે.

સૂચનાઃ—(૧) પેટનો કોઈપણ પ્રકારનો દુખાવો હોય કે પેટમાં ચાંદાં પડ્યાં હોય તો ઉડ્ડિયાન ન કરવું.


(૨) શૌચ ગયા પછી ઉડ્ડિયાન કરવું.






ઉડ્ડિયાન

ઉડ્ડિયાન




જીવનમાં શુભના સંચય દ્વારા માણસ વિકાસ કરી શકે છે. શુભ એ જ છે જે માણસને ઈશ્વરના કે આત્માના સાક્ષાત્કારની દિશામાં લઇ જાય, નહિ કે ભૌતિક સમૃદ્ધિના સંચયના માર્ગે.

મે. સંજય ટ્રેડીંગ કોરપોરેશન

શારદાકુંજ, પીરામીતાર રોડ, દાંડિયા બજાર,
વડોદરા.

# પાસે છતાં દૂર

જે. વી. શાહ

હિમાલયના જંગલોમાં કસ્તુરીમૃગ વસે છે. એ મૃગની ડૂંટીમાં કસ્તુરી નામનું સુગંધીદાર દ્રવ્ય પેદા થાય છે. એ ખૂબ જ કિંમતી ગણાય છે. પરંતુ જ્યારે એ દ્રવ્ય મૃગની ડૂંટીમાં પરિપક્વ થાય છે, ત્યારે મૃગને પોતાને પણ એની સુવાસ આવવા માંડે છે, પરંતુ એને એ ખબર નથી કે એ સુવાસ એના અંગમાંથી આવે છે. એટલે એની બહારની શોધ માટે એ જંગલમાં દોડાદોડ કરી છેવટે મૃત્યુ પામે છે.

આપણે પણ કંઈક અંશે એ કસ્તુરી મૃગ જેવા છીએ. ઈશ્વર–આત્મસ્વરૂપે આપણી અંદર જ રહેલો છે. પરંતુ આપણે એને બહાર શોધીએ છીએ. યાત્રાએ જઈએ છીએ. તીર્થસ્થાનોમાં ભટકીએ છીએ, જંગલો અને કંદરાઓમાં રહેલી પ્રતિમાઓ પૂજીએ છીએ. પણ ત્યાં તે આપણને દેખાતો નથી. હા, એટલું ખરું કે પવિત્ર સ્થાનોમાં આપણે એની પરોક્ષ અનુભૂતિ કરીએ છીએ. છતાં અપરોક્ષ અનુભૂતિ સ્વ-રૂપ ઈશ્વરથી તો વંચિત રહી જઈએ છીએ.

એ પ્રકારની અનુભૂતિ માટે તો માણસે સાધક બની આરાધના કરવી રહી. એકાંત સ્થાનમાં રહી, પવિત્રતા જાળવી, અંદરના તત્ત્વની શોધ આરંભવી જોઈએ. જો કે એ શોધ સહેલી નથી, સરળ પણ નથી, છતાં અશક્ય નથી. સતત પ્રમાણિકપણે પુરુષાર્થ કરનાર તેમાં યોગ્યકાળે સફળ થાય છે જ. એ નિર્વિવાદ છે.



સાચી વાત તો એ છે કે આપણે બહારના જગત સાથે એટલા બધા ઓતપ્રોત થઈ ગયા છીએ કે આપણી અંદર રહેલા તત્ત્વ સાથેનું અનુસંધાન ગુમાવી બેઠા છીએ; તેમ જ તેની સાથેનું પુનઃજોડાણ કરવાની આપણને વિચાર કે ફુરસદ જ નથી. આપણું અનેક જન્મોના સૂક્ષ્મ સંસ્કારો ગ્રહણ કરતું આવેલું મન. સાવ બહિર્મુખ બની ગયેલું છે. આપણે કુટુમ્બ, સમાજ, દેશ અને દુનિયા તેમ જ આપણી વ્યક્તિગત વ્યવહારોની આજીવિકા ઉપાર્જનની દુનિયામાં એટલા બધા ડૂબેલા રહીએ છીએ કે કદી આત્મ તત્ત્વ વિષે વિચારતા જ નથી. એથી ઊલટું, આપણને જ્યારે એકાંત કે એકલાપણું પ્રાપ્ત થાય છે ત્યારે અકળાઈ ઉઠીએ છીએ. આકુળ-વ્યાકુળ બની જઈએ છીએ, કોઈકનું સાંનિધ્ય શોધીએ છીએ. કોઈક ની સાથે વાતો કરવા મંડી પડીએ છીએ, અને છેવટે કોઈ ન મળે તો રેડિયો જોરથી વગાડી, જાણે આપણી જાતને ભૂલવા માંગીએ છીએ. અગર તો ટેલિવીઝન કે ફિલ્મ જોવા ઊપડી જઈએ છીએ. આપણી વધુ પડતી બહિર્મુખતાનું જ આમાં દર્શન નથી થતું શું ?

આત્મતત્ત્વની અનુભૂતિ માટે અંદરના માર્ગે વળવું જરૂરી છે. પરંતુ એ માર્ગ અજાણ્યો છે. એટલે આપણને ભયજનક લાગે છે. પરંતુ ખરેખર એમ નથી. એ ભય કેવળ આપણે કલ્પી લીધેલો છે–એટલું જ.

આ આત્મતત્ત્વની ખોજ પંચેન્દ્રિયોનો ઉપભોગ બંધ કર્યા પછી થઈ શકે છે. મનને પણ સંકલ્પ વિકલ્પોથી મુક્ત કરવું પડે છે. અંતઃકરણને શુદ્ધ તેમ જ મનને શાંત કર્યા સિવાય એ શક્ય બનતું નથી. વ્યવહારમાં જ જુઓને! કોઈનાં ટેલિફોન આવે છે, ત્યારે આપણે આપણી આસપાસ

શાંતિ હોય એમ ઇચ્છીએ છીએ. જો કોઈ અવાજ કરતું હોય તો એની ઉપર ચિઢાઈ એને શાંત રહેવા કે બહાર ચાલ્યા જવા કહીએ છીએ. એટલે બહારની અશાન્તિ કે કોલાહલ એક સ્થૂલ ટેલિફોન સાંભળવામાંય અંતરાયરૂપ બનતાં હોય, તો આપણા અંતરાત્મા સાથે આપણે જ્યારે વાત કરવા માંગીએ, ત્યારે તો બહારના બધા જ કોલાહલો શાંત પાડ્યા સિવાય ભીતરની એ વાતો આપણે કેવી રીતે સાંભળી શકવાના ?

અંતરાત્માનો અવાજ ધીરો હોય છે. કદીક એને ભાષા પણ હોતી નથી. એ પ્રતીક સમો હોય છે. શુદ્ધ અંતઃકરણવાળા સાત્ત્વિક માણસો જ તે સાંભળી ને સમજી શકે છે, એવું બનતું જોવામાં આવ્યું છે. આપણા જ યુગમાં પૂ. મહાત્મા ગાંધીજી એક એવા સંત પુરુષ હતા કે જેઓ અંતરાત્માનો આ અવાજ સાંભળી ને સમજી શકતા; કારણ કે તે માટેની પૂરેપુરી યોગ્યતા તેઓએ કેળવી હતી. આવા પુરુષો એકવાર એ અવાજ સાંભળીને બેસી નથી રહેતા. એમાં શંકા પણ નથી કરતા, કેવળ એનું પાલન એક શિસ્તબદ્ધ સૈનિકની પેઠે કરે છે, એને તેઓ ઈશ્વરનો આદેશ જ માને છે.

આ ઉપરથી આપણે જોઈ શકીશું કે આપણી અંદર જ જે પરમ શકિત રહેલી છે, તેને બરાબર ઓળખવા માટે, આપણા મનને પહેલાં તો બહારના કોલાહલોથી છૂટું પાડી, અંતરમુખ થવાની તાલીમ આપવી પડશે. એ અવાજ સાંભળવામાં અંતરાયરૂપ થતા કેટલાક અંદરના શત્રુઓ–જેવા કે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરેને પણ પ્રયત્નપૂર્વક મહાત કરવા પડશે. એ બધાના ઉધામા શાંત પડે, પછી જ અંદર રહેલ પરમ તત્ત્વનો અનુભવ કરવો શક્ય બને છે.



આ માર્ગે આગળ વધવા આપણા ઋષિમુનિઓ ને સંત મહાત્માઓએ એટલે જ આપણને ધ્યાનની સાધનાનો માર્ગ દર્શાવ્યો છે. આપણે પણ સમજપૂર્વક માર્ગદર્શન મેળવી, એ અંદરની મુસાફરીનો આરંભ કરીએ તો પાસે રહેલું તે આપણા માટે દૂર નહિ રહે.

## પ. પૂ. મહાત્મા શ્રીયોગેશ્વરજીની વિદેશયાત્રા

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે ઇંગ્લેન્ડ તેમજ અમેરિકાની વિદેશયાત્રાએ તા. ૮–૮–૮૧ના રોજ જઈ રહ્યાં છે આપણે સહુ તેમની યાત્રાને સફળતા ઇચ્છીએ છીએ. તેમજ વિદેશોમાં વસતા ઉચ્ચ સંસ્કારી આત્માઓ એઓના પ્રત્યક્ષ પરિચયથી પ્રેરણા ને શક્તિ પામો, એવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

સાચી ભારતીય આધ્યાત્મિકતાની સમજ વિદેશોમાં ફેલાવવામાં એઓનો આ પ્રવાસ સહાયભૂત થાઓ, એવી અપેક્ષા આપણે સહુ રાખીએ છીએ.

—તંત્રી

# મા શ્રી સર્વેશ્વરીનું આધ્યાત્મિક ક્ષેત્રે પ્રયાણ

-ઈશ્વર પેટલીકર

[ મા સર્વેશ્વરીને સાંભળનારને મીરાંની વાણી અને ભાવ–પ્રભુત્વ અનુભવવા મળે છે. ]

આ લેખના લેખક શ્રી ઈશ્વરભાઈ પેટલીકરે મે, ૮૧ માં અમદાવાદની લૉ કૉલેજમાં યોજવામાં આવેલી પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની ધ્યાન-સાધના શિબિરના દિવસો દરમ્યાન સવારે હાજરી આપેલી. એ વખતે પ. પૂ. મા શ્રી. સર્વેશ્વરીએ પોતે પોતાના અધ્યાત્મિક અનુભવોની વાતો સાધકોને કહેલી. એ વિગતોના આધારે લખાયેલો શ્રી પેટલીકરનો આ લેખ સ્ત્રી સાપ્તાહિકમાં પ્રસિધ્ધ થયો છે, જેને અધ્યાત્મના વાંચકોના હિતાર્થે અહીં સાભાર રજુ કરીએ છીએ.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ઉદાહરણને સમગ્ર ગુજરાતની સ્ત્રીઓ સમક્ષ મૂકવાનું શ્રી. ઈશ્વરભાઈનું કાર્ય ખરેખર પ્રશસ્ય છે. એ દ્વારા તેઓએ અધ્યાત્મના માર્ગે આગળ વધવા માંગતી બહેનોને પ્રેરણા પૂરી પાડી છે.

[ પૂ. શ્રી. સરોજબહેનમાંથી ' મા સર્વેશ્વરી ' બનેલાં એવાં એમનું દૃષ્ટાંત લેખક આ રીતે આલેખ્યું છે તંત્રી ]

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી વિષે અધ્યાત્મના અગાઉના ત્રણ અંકોમાં શ્રી. ભાઈલાલભાઈ છાટબારે પણ તેઓના જીવન અને સાધના વિષે વધુ વિગતે લખ્યું છે, તેનો અત્રે ઉલ્લેખ કરું તો તે અસ્થાને નહિ લેખાય.



સુરત જિલ્લાના કપુરા ગામના ધાર્મિક વારસો ધરાવનાર મધ્યમ વર્ગના કુટુંબમાં સરોજબહેનનો જન્મ થયો છે. માબાપનો ધાર્મિક વારસો તો તેમની જેમ બીજાં ભાઈબહેનને પણ મળ્યો હતો. પરંતુ એમણે સંસારજીવન પસંદ કર્યું અને આફ્રિકા અને અમેરિકાનો વસવાટ સ્વીકાર્યો છે. જ્યારે સરોજબહેને ગ્રેજ્યુએટ થઈ શિક્ષકનું કાર્ય સ્વીકાર્યું હતું. કુંવારા રહીને શિક્ષણનું આજીવન કાર્ય કરવાની આરંભમાં એમની મનોવૃત્તિ હતી. સુરતના સાધના વિદ્યાલયમાં આચાર્યા બનીને તે એ કાર્ય નિષ્ઠાપૂર્વક કરી રહ્યાં હતાં. પરંતુ એટલાથી એમને આત્મસંતોષ ન થયો. આત્મખોજની આધ્યાત્મિક વૃત્તિએ તેમને એમાં આગળ વધવા પ્રેર્યાં. સુરતમાં, તાપી કિનારે, રાંદેર ગામની હદમાં શ્રી મોટાનો હારઃ ૐ આશ્રમ આવેલો છે. તેની વિશેષતા એના મૌન મંદિરની છે. જે એકાંતમાં આત્મચિંતન કરવા માગતા હોય તે સપ્તાહ, બે–ત્રણ કે તેથી વધુ સમય એમાં દાખલ થાય છે. કોઈના સંપર્ક વિના તેમાં રહેવાની ગોઠવણ છે. ભોજનની અનુકૂળતા તેમને એકાંત રૂમમાં બહારથી આશ્રમ પૂરી પાડે છે.

સરોજબહેનને શાળામાં રજાઓ પડે ત્યારે ઘેર માબાપ પાસે જવાને બદલે મૌન મંદિરમાં જવાની ઉત્કંઠા થઈ. માબાપને માટે દીકરી એકલી રહે એ જ એક ચિંતા રહેતી હોય છે. પરંતુ દીકરીની મનોવૃત્તિ જોઈને તે ઈચ્છાને તેમણે સ્વીકારી હતી અને તે એકલી પોતાનાથી દૂર રહે તેમાં કંઈ અવિશ્વાસ માન્યો ન હતો. પરંતુ વેકેશનમાંય દીકરી ઘેર ન આવે તે એમને શી રીતે સ્વીકાર્ય બને ? દીકરીની ઉંમર એવી પ્રૌઢ થઈ ન હતી કે તે ધર્મધ્યાનમાં લાગી જાય, તે સહજ લાગે. પચ્ચીસ વર્ષની ઉંમર નવજુવાનીની ગણાય.

એ ઉંમરે વેકેશનમાં પણ માબાપ સાથે રહેવાના સુખ સહવાસને બદલે એકાંતમાં મૌનમાં રહેવાનું વલણ એને ક્યાં લઈ જશે.

પિતાએ દીકરીને સમજાવવા પ્રયત્ન કરી જોયો પણ વ્યર્થ જતાં, એ પોતે મૌન મંદિર અને આશ્રમ જોવા ગયા. એ જોઈને એમને સંતોષ થયો. દીકરી મૌનમાંથી જે દિવસે બહાર આવવાની હતી ત્યારે એ તેને તેડવા ગયા. આમ સરોજબહેને વેકેશન પડે તેનો ઉપયોગ મૌન મંદિરમાં જવાનો શરૂ કર્યો. તેની જોગાનુજોગ સુરતમાં પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીનાં પ્રવચનો દર વર્ષે ગોઠવવાનાં શરૂ થયાં. તે વ્યાખ્યાનો તેમને પ્રેરક બન્યાં. તેમ યોગેશ્વરજીનું જીવન પણ પ્રેરક બને તેવું છે. એ પણ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરોડા ગામના વતની હતા. વિધવા માતાના એકના એક પુત્ર છે. એક બહેન છે. ભણવામાં તેજસ્વી એટલે મુંબઈની હાઈસ્કૂલમાં સ્કોલર તરીકે પ્રવેશ મેળવેલો અને એનું ફ્રી લોજીંગ-બોર્ડીંગ સંસ્થા તરફથી મળેલાં. મેટ્રિક થઈ કોલેજમાં એક વર્ષ ભણ્યા, પણ તેમાં ચિત્ત ચોટ્યું નહિ અને આજીવન કુંવારા રહેવાની ઈચ્છા સાથે સાધના તરફ વૃત્તિ જોરથી ખેંચાવા લાગી.

વિધવા માતાને તેજસ્વી એકનો એક પુત્ર કુંવારો રહે અને સાધના કરવા હિમાલય વાસ સ્વીકારે તે કેટલું વસમું થઈ પડયું હશે? છતાં એ સાધના પંથે જઈ રહ્યા. પહેલાં આઠ વર્ષ એકલા રહ્યા પછી માતાજીને પણ સાથે લઈ ગયા. તેમણે પરંપરાગત સંન્યસ્તનાં વસ્ત્રો પહેર્યાં ન હતાં. ખાદીનાં સફેદ વસ્ત્ર પહેરતા હતા. આથી સંન્યાસીને માટે કુટુંબીજન સાથે સંસારી સંબંધ ન રાખવાનો જે આચાર છે. તે એમને પાળવો અનિવાર્ય ન હતો. બીજી બાજુ એમણે તેમનું



નામ બદલ્યું હતું તે અર્થમાં તે સાધુ હતા. એમણે માતાજીને પોતાની પાસે છેલ્લાં પચીસ વર્ષ, ગઈસાલ (૮૦) ની આખરે તે સદ્દગત થયાં ત્યાં સુધી રાખ્યાં હતાં. એટલું જ નહિ, પણ એમને પણ સાધના માર્ગે દોર્યાં હતાં. માતાજીને માટે યોગેશ્વરજી પુત્ર હતા. તેમ ગુરુ પણ હતા. એ હિમાલયના નિવાસમાં હોય કે પ્રવાસમાં, દેશમાં કે પરદેશમાં હોય માતાજી એમની સાથે જ હોય. એમની છેલ્લી માંદગીમાં કોઈ સંસારી પુત્ર એમની જેટલી ચાકરી ન કરે તેટલી એમણે કરી હતી. તેનાં સાક્ષી મા સર્વેશ્વરી પણ હતાં. એમણે પણ માતાજીની દીકરી ભાવે ચાકરી કરી હતી યોગેશ્વરજી ગુજરાતી હોવાથી સંસ્કૃતમાંથી ઘણા ગ્રંથોનું ભાષ્ય તેમણે ગુજરાતીમાં કર્યું છે. બ્રહ્મસૂત્ર જેવા આધ્યાત્મિક ક્ષેત્રના અતલ ઊંડાણના ગ્રંથનું ભાષ્ય પણ તેમણે કરેલું છે. વળી સમગ્ર જીવન તેમનું સાધનામાં વીત્યું છે એટલે ભાષ્યમાં અનુભવની વિશેષતા ભળેલી છે.

સરોજબહેનની આત્મખોજે યોગેશ્વરજીમાં ગુરુભાવ અનુભવ્યો. મીરાને કૃષ્ણમાં જે ભાવની અનુભૂતિ થઈ, તે ભાવની સરવાણી સરોજબહેનમાં યોગેશ્વરજી પ્રત્યે શરૂ થઈ અને તેમાં ભરતી થતી રહી. એમના અંતરમાં જે પોકાર ઊઠયો તે એમણે કાવ્ય રૂપે ઝીલ્યો છે. એમાં કાવ્ય તત્વ છે કે નહિ તેની ચિંતા કર્યા વિના અંતરનાદને પદ્ય રૂપે ઝીલ્યો છે. 'અર્ઘ્ય' રૂપે તેનું તાજેતર (૮૧) માં પ્રકાશન થયેલું છે. દસકાનો એ ગુરુભાવ '૭૯ની આખરે યોગેશ્વરજીને હાર્ટ-એટેક આવ્યો ત્યારે સમર્પણમાં પરિણમ્યો, તેમણે સુશ્રુષા કરવા નોકરીમાંથી રાજીનામું આપ્યું અને તેમની સાથે કાયમ શિષ્યા તરીકે રહેવાનું પગલું ભર્યું. આ એક ગુરુ અને શિષ્યાની આકરી કસોટી કરે તેવી સ્થિતિ છે.

યોગેશ્વરજીએ કોઈ આશ્રમ સ્થાપેલો નથી. દેવપ્રયાગમાં તે માતાજીથી એકલા રહેતા તે પછી મસૂરીમાં બંને રહેતાં. પ્રવાસમાં પણ સાથે રહેતાં હતાં. '૭૯માં સરોજબહેન એમની સાથે રહેવા આવ્યાં ત્યારે માતાજી હતાં પણ ગયા વર્ષની આખરે તે સદ્દગત થયાં તે પછી માતાજીનું સ્થાન ખાલી રહેવાનું ન હોય તેમ અગાઉથી સરોજબહેન આવી ગયાં હતાં. જે હવે મા સર્વેશ્વરી તરીકે ઓળખાય છે. એમણે પણ ભગવાં ધારણ કર્યાં નથી અને સાદો ચાલુ પોષાક પહેરે છે. પરંતુ તેમની સાત્વિકતા સાધ્વી માતાજીની પ્રતીત કરાવે છે. કોઈ ગુરુ પાસે જેમ શિષ્ય રહે તેમ મા સર્વેશ્વરી શિષ્યા તરીકે રહે છે. શ્રીયોગેશ્વરજીના પ્રવચનો વખતે તે આરંભમાં કે અંતે ભજન ગાતાં હોય છે. આ ઉનાળામાં (૮૧માં) અમદાવાદમાં સાધના યોગ શિબિર ૭ દિવસની યોજાઇ હતી ત્યારે એમણે પોતાના એ ક્ષેત્ર પ્રવેશની ભૂમિકા વિગતે કહી હતી, તેમાં સાંભળનારને મીરાની વાણી અને ભાવ પ્રત્યક્ષ અનુભવવા મળ્યો હતો. સૌ શિબિરાર્થીઓ માટે એક પ્રેરક લહાવો હતો. ગુરુની સાથે શિષ્યની માફક શિષ્યા રહે, તે પણ ઉદ્યોગ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર સરયુબહેનના કરતાં સામા છેડાનો મા સર્વેશ્વરી આધ્યાત્મિક ક્ષેત્રનું ઉદાહરણ છે પુરુષો જો એ ક્ષેત્રે જઈ શકતા હોય તો સ્ત્રી કેમ ન જઈ શકે? સાધ્વીજીવન સાત્વિકતાથી ગાળતી સ્ત્રીઓ મળી રહે છે. પરંતુ શ્રી માતાજી કે શ્રી વિમલાતાઈ ઠકાર જેવી એ ક્ષેત્રે બીજાઓને પ્રેરક બની રહે તેવી સાધક સ્ત્રીઓ ખાસ જોવા મળતી નથી. પરંતુ હવે બહારનું ક્ષેત્ર સ્ત્રીઓ માટે ખુલ્લું થયું છે એટલે અંતઃપ્રેરણાથી મા સર્વેશ્વરી જેવી સ્ત્રીઓ સાધના દ્વારા પ્રેરક બની રહે તેવું ગુરુસ્થાન લેતી થશે.



# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

## વ્યવહાર અને આત્મદર્શન

પ્રશ્નઃ—વ્યવહારમાં રહીને આત્મદર્શન થઈ શકે ખરું ?

ઉત્તરઃ—જરૂર થઈ શકે. જેને કરવું હોય તે વ્યવહારમાં રહીને પણ આત્મદર્શન, ઈશ્વરદર્શન કે પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે; અને તેને પરિણામે પૂર્ણતા, મુક્તિ કે પરમ શાંતિ મેળવી શકે છે. વ્યવહાર એમાં આડો આવતો નથી.

પ્રશ્નઃ—પરંતુ વ્યવહારમાં તો અનેક પ્રકારની મુશ્કેલીઓ, મુસીબતો, કે પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડે છે. એ બધાંની વચ્ચે રહીને, ઈશ્વરદર્શન કેવી રીતે થઈ શકે ?

ઉત્તરઃ--ઈશ્વરદર્શન કરવાનો દૃઢ નિશ્ચય હશે તો તમે એ બધાંની વચ્ચેથી પણ તમારો રસ્તો કરી શકશો. વ્યહવારમાં રહીને આજ સુધી કેટલાય લોકોએ આત્મોન્નતિ કરી છે અને એમાંના કેટલાકે ઈશ્વરદર્શનનો લાભ પણ મેળવ્યો છે. એમનો યાત્રા માર્ગ કાંઈ પહેલેથી ચોકખો જ હતો એવું ન હતું. એમાં કેટલાય કાંકરા અને પથરા, તથા કેટલીક જાતના ચઢાવ અને ઉતાર આવતા હતા. કેટલાકને તો ઘર ને બહારના ભારે વિરોધી વાતાવરણનો સામનો કરવો પડયો હતો. છતાં પણ તે ડગ્યા કે ડર્યા નહિ, પોતાના ગંતવ્યસ્થાને પહોંચવા માટે તે મક્કમ હતા. તેથી તેમણે પોતાનો માર્ગ છોડી ન દીધો. પરંતુ તેને વધારે ધીરજ, હિંમત, ને સહનશકિતથી વળગી રહ્યા. પ્રતિકૂળતામાં રહીને પણ તે માર્ગ કાઢતા રહ્યા. પરિણામે તેમનો વિજય થયો, તથા તેમને તેમની ઈપ્સિત વસ્તુ મળી શકી. તમારા જીવનને

આદર્શરૂપ બનાવીને તમે પણ આગળ વધો તો તમારે માટે કશું અશક્ય નહિ રહે.

પ્રશ્નઃ-વ્યવહારની વચ્ચે વસનારા માણસો આત્મોન્નતિની દિશામાં કેવી રીતે આગળ વધી શકે?

ઉત્તરઃ-વ્યવહારમાં વસનારા માણસોને માટે જે અનેક પ્રકારની શક્યતાઓ પડેલી છે, તેમાં હૃદયશુદ્ધિની શક્યતા સૌથી મોટી છે. જો તમે ધારો તો વ્યવહારમાં રહીને આત્મનિરીક્ષણ વૃત્તિ કેળવીને, તમારા જીવનને શીલ કે સદ્ગુણોની સુવાસથી મહેંકતું કરી શકો છો. ગીતાના સોળમા અધ્યાયમા જેને દૈવી સંપત્તિની પ્રાપ્તિ કહે છે તેને માટે તથા એથી ઊલટી અને આસુરી સંપત્તિની નિવૃત્તિ માટે, તમે ભરચક કોશિશ કરી શકો છો. બધી જાતની આધ્યાત્મિક ઉન્નતિનો એ પાયો છે. અને એ પાયાને વ્યહવારમાં રહીને બનતા પ્રમાણમાં મજબૂત બનાવી શકો છો. તમે નથી જોતા કે એ પાયો આજે હાલી ગયો છે? વ્યવહારમાં લગભગ નાનાં મોટાં બધાં જ ક્ષેત્રોમાં લાંચ રુશ્વત, ફૂડ-કપટ, કે અનીતિ પેસી ગઈ છે, ને નીતિનું નામનિશાન પણ જવલ્લે જ રહ્યું છે. લોકોમાંના કેટલાક તો ત્યાં સુધી માને છે કે અનીતિ. વિના ધન કમાવાય કે જીવાય જ નહિ. ભેળસેળ ને દગાફટકા વધી પડ્યા છે; ને એને લીધે પણ આવા લોકો ઈશ્વિરદર્શન ક્યાંથી કરી શકે? તે જપ કરે, ધ્યાન ધરે, તીર્થ કરે, વાંચન કે સત્સંગનો લાભ લે, દાન દે, તોપણ તેમના વ્યવહારમાં કોઈપણ પ્રકારનો ફેર પડે જ નહિ, તો શું વળે? એટલે વ્યક્તિગત ને સમષ્ટિગત જીવનને શાંતિમય કરવું હોય તો સૌથી પહેલાં તો શુદ્ધિની દિશામાં આગળ વધો. એ પાયો જેટલો મજબૂત હશે, તેટલુંજ આગળનું બીજું કામ સહેલું બનશે. એ વસ્તુ સૌથી અગત્યની છે છતાં એની તરફ લોકો ઓછામાં ઓછું ધ્યાન રાખે છે પછી આત્મોન્નતિ ક્યાંથી થાય?



ઈશ્વિરનો સાક્ષાત્કાર તો થાય જ ક્યાંથી? જે સીડી છે, તેનો જ તમે અનાદર કરો છો, અને અગાસીમાં ચઢવાની સીધી જ કોશિશ કરો છો. એટલે જ એ કોશિશ કામિયાબ નથી નીવડતી.

પ્રશ્નઃ-વ્યવહાર શુદ્ધિના પ્રયાસની સાથે સાથે બીજું કાંઈ કરી શકાય ખરું?

ઉત્તરઃ-બીજું કેમ ન કરી શકાય? બીજાં સાધનોમાં નિયમિત જપ, ધ્યાન, પ્રાર્થના, કે સત્સંગ છે. એ સાધનોનો આધાર હૃદયશુદ્ધિની ચીવટ સાથે, નિત્યનિરંતર તથા ખંત અને ઉત્સાહપૂર્વક લેવામાં આવે, તો આત્મોન્નતિમાં મદદ મળે છે.

એ ઉપરાંત, સેવાભાવી જગતના બધા જ જીવોમાં ઈશ્વરની સત્તા રહેલી છે, એમ માનીને પોતાની શક્તિ, રૂચિ, કે યોગ્યતાનુસાર સૌને મદદરૂપ થવા માટે તત્પર રહેવાથી, પવિત્ર પ્રેમ વધે છે, હૃદય વિશાળ બને છે, ને છેવટે શાંતિ મળે છે. સેવાભાવથી કરાતાં સહજ કર્મની મદદથી બધા જીવોની સાથે એક પ્રકારની ઊંડી આત્મીયતાનો અનુભવ થાય છે. આત્મદર્શનની ભૂમિકા એથી સહેલી બને છે.

પ્રશ્નઃ-તો પછી કેટલાક લોકોએ વ્યવહારનો ત્યાગ કરીને એકાંતનો આધાર શા માટે લીધો છે?

ઉત્તરઃ-એકાંતની વિશેષ રુચિને લીધે, અથવા તો પોતાના વિકાસને માટે એમને એકાંતવાસની જરૂર જણાઈ એટલા માટે. પરંતુ એના પરથી કોઈએ એમ નથી સમજવાનું કે વ્યવહારમાં રહીને કશું થઈ જ ન શકે. દુનિયાના મોટાભાગના લોકો વ્યવહાર છોડી ક્યાંય જઈ શકે તેમ જ નથી. વ્યવહારમાં રહીને જ એમણે આત્મોન્નતિના માર્ગે આગળ વધવાનું છે. આપણે એમને વિશ્વાસ આપીએ કે એ કામ થઈ શકે છે.

# શ્રીયોગેશ્વરજી મારી દૃષ્ટિએ

પ્રા. જનાર્દન દવે

वदनं प्रसादनं सदयं हृदयं सुधामुचो वाचः ।
करणं परोपकरणं येषां केषां न ते वन्द्यः ॥

શ્રી યોગેશ્વરજીનાં વ્યક્તિત્વમાં કવિએ વન્દનીય ગણાવેલ વિભૂતિઓની ગુણચતુઃસૂત્રી પ્રત્યક્ષ જોઈ શકાય છે. શ્રી યશોનાથ મહાદેવના મંદિરમાં બારે માસ ચાલતા સત્સંગમાં અવારનવાર દર વર્ષે થોડા દિવસો પધારતા શ્રી યોગેશ્વરજી જે પ્રાસાદિક, હૃદયંગમ, અટકયા વિનાની, પ્રસંગોપાત આલંકારિક ભાવ ભંગિમા ધારણ કરતી; શિષ્ટ, છટાદાર શૈલીમાં પ્રવચનો આપતા ત્યારે તેમને સાંભળતાં મને બહુ જ આનંદ થતો. વાણીનું આવું સહજભાવે યોગ્ય શબ્દો યોગ્ય જગ્યાએ જ પ્રયોજાય એમ અનાયાસ પ્રસન્ન રીતે વહેવું એ ઉપાસનાનું પરિણામ છે–એમ મને લાગતું.

બહુ સારું બોલનારા સંસદ સભ્યો, છટાદાર અંગ્રેજી બોલતા આખું સ્ટેઈજ અને ચહેરો પણ ધણધણાવતા વિદ્વાનો અને કવિઓ-લેખકોને મેં વર્ષોથી સાંભળ્યા છે. સુંદર લખન રા વિદ્વાનો વક્તા તરીકે બોલવા ઊભા થાય ત્યારે અચકાતા અચકાતા બોલે, કોઈ વળી આંખ મિચકાવે, કોઈ પોતાના પગના પંજા પર વારંવાર ઊંચા થાય, કોઈ પીઠના એક છેડેથી બીજે છેડે ધૂમ્યા કરે, કોઈ આબાદ નખરાં કરે–આવું મેં જોયેલું. શ્રી યોગેશ્વરજીનું વક્તવ્ય તેમની સચોટ અભિવ્યક્તિ, સરલ શિષ્ટ પ્રાંજલ મધુર ભાષા અને એકધારી પ્રવાહિતાને કારણે મને ચિત્તાકર્ષક લાગેલું. વ્યાખ્યાન દરમ્યાન એમની આસનની સ્થિરતા અને નખરાં-



ઓનો અભાવ પણ મને ગમેલો.

વક્તા કોઈ પણ વિષયને પોતે સ્પષ્ટ રીતે સમજ્યા પછી જ શ્રોતાઓને પણ વિશદપણે સમજાવી શકે. ગીતા, પાતંજલ યોગદર્શન, નારદનાં ભક્તિસૂત્રો ઈત્યાદિ વિષયો પરની તેમની પોતાની સમજ એટલી સ્પષ્ટ અને તલગ્રાહી છે કે તેની રજૂઆતમાં ક્યાંય કોઈ હિચકિચાટ અથવા સંદિગ્ધતા આપણને જોવા ન મળે. યોગની ઉપાસના વડે અથવા ભક્તિયોગ વડે ચિત્તશુદ્ધિ થયા વિના આવી રમણીય હૃદ્ય રજૂઆત થઈ ન શકે.

આ પછી તેમના સંસર્ગમાં આવેલા મિત્રોની વાતો પરથી અને મારા પોતાના પાછળથી થયેલા અનુભવે પણ મને લાગ્યું કે શ્રી યોગેશ્વરજી અંગત મુલાકાતોના સમયે પણ હળવા, પાંડિત્યના બોજથી રહિત, ઋજુ અને સ્નેહાળ સ્વજન જેવા ઉષ્માભર્યા હોય છે. પોતાને મળવા આવનાર વ્યક્તિઓ સાથે વાતો કરતાં તેઓ સામા માણસની વિશિષ્ટતા જાણી લઈ પોતે જ બોલ્યા કરતા નથી પણ મળવા આવેલ વ્યક્તિઓ પોતાની પરિચિત ન હોય તો સારી રીતે પરિચય કરી લે છે અને પરિચિતો આવ્યા હોય તો તેમની વિશિષ્ટતા પ્રમાણે તેમનો સત્કાર વગેરે પણ કરતા રહે છે.

ઋજુતા, સાલસતા અને અન્યના ગુણો પ્રત્યેની સહજ પ્રીતિ તેમના વાણી–વ્યવહારમાં દેખાય છે ઘણીવાર સંતો સાથે, વક્તાઓ સાથે વ્યાખ્યાનો ગોઠવનાર વ્યક્તિઓનો વ્યવહાર ઔચિત્યભર્યો હોતો નથી. વિશાળ સંખ્યામાં આવતા શ્રોતાઓ પર પોતે ધ્યાન આપી શકે અને શ્રોતાઓ વક્તાને સાચી રીતે નિહાળી શકે તેવી જગ્યાએ વ્યાખ્યાનપીઠ હોવી જોઈએ. બંધિયાર હોલને બદલે સંસ્થાના વિશાળ પ્રાંગણમાં પોતાનું વ્યાખ્યાનપીઠ રખાય તે માટેનો વાજબી આગ્રહ

ન સચવાતાં શ્રીયોગેશ્વરજીએ સ્વમાનને અને આત્મગૌરવને મહત્ત્વનાં ગણીને એક સંસ્થામાં વ્યાખ્યાનનો આપવાનું નિમંત્રણ સ્વીકાર્યું નહિ ત્યારે મને તેમની મક્કમતા અને આત્મગૌરવનાં દર્શન થયેલાં.

તેમના સેંકડો ગ્રન્થોમાંથી મારાં બે ત્રણ પ્રિય. પુસ્તકો છે;– ( ૧ ) ભગવાન રમણમહર્ષિનો ચરિત્ર ગ્રંથ ( ૨ ) શ્રીવિષ્ણુસહસ્ર નામનો પદ્યાનુવાદ ( ૩ ) પ્રકાશને પંથે–એ તેમની વૃત્તાંતકથા. બીજા પણ તેમના ઘણા પુસ્તકો મારા વાંચવામાં આવ્યાં છે, પણ આ ત્રણ પર મારી વિશેષ પ્રીતિ હોવાનાં કારણો એ છે કે ભગવાન રમણમહર્ષિના ચરિત્ર ગ્રંથમાં શ્રીયોગેશ્વરજીનો અભ્યાસપૂર્ણ પરિશ્રમ, પોતાનો ભક્તિભાવ અને પ્રસંગોપાત વૈવિધ્ય ધારણ કરતી તેમની રંગદર્શી રસઝરતી ભાષા શૈલી.

વિષ્ણુસહસ્ર નામમાં ગેયતા, સરળતા અને પ્રત્યેક નામનો અર્થ સચોટ રીતે આવી જાય છતાં કયાંય કર્કશતા ન લાગે, કવિતા વિકલાંગ ન બને તેની કાળજી અને પારદર્શકતા છે.

સ્વવૃત્તાંત–' પ્રકાશને પંથે 'માં શ્રીયોગેશ્વરજીની નિર્ભયતા મને ગમે છે. અનેક સંતો અને સંસ્થાઓની પોતાની છાપ તેમણે અસંદિગ્ધ રીતે રજૂ કરી છે. સારી બાજુઓને તેમણે રજૂ કરી જ છે પણ પોતાની દૃષ્ટિએ જ્યાં કંઇક કહેવા જેવું લાગ્યું છે તે તેમણે આ બાબતના કેવા પ્રત્યાઘાતો પડશે તેની પરવા રાખ્યા વિના કહ્યું છે. અલબત્ત એમના અભિપ્રાયો આપણા અભિપ્રાયો ન પણ હોય, આપણા અનુભવો જુદા પણ હોય. પણ ચરિત્રકારે તો પોતાની સચ્ચાઇને વળગી રહીને सत्यं सत्यंवदाम्यहम એમ ભારપૂર્વક કહ્યું છે. 'પ્રકાશને પંથે' અથવા અન્યત્ર કયાંય કોઇકને તેમાં આત્મશ્લાઘા જેવું લાગવાનો પણ સંભવ છે. પણ મને કયાંય શ્રીયોગેશ્વરજીએ આત્મપ્રશંસાનો



આશ્રય લીધો હોય એવું લાગ્યું નથી. અન્યના મૂલ્યાંકનની જેમ એ પોતાનું પણ મૂલ્યાંકન કરતા રહ્યા છે અને આ મૂલ્યાંકનની અભિવ્યક્તિમાં તેમણે ' પોતાને ' નિર્મમપણે વ્યક્ત થવા દીધા છે.

તેમનાં વ્યાખ્યાનો અને ગ્રંથો આપણને લાંબા સમય સુધી મળતા રહે એવું નિરામય દીર્ઘાયુ મા જગદંબા તેમને આપે; એ જ પ્રાર્થના.

"મનુષ્ય જીવનને કેવળ ભૌતિક સ્તર ઉપર જીવી શારીરિક સુખોપભોગમાં જ વેડફી દેવું એ નરી પશુતા છે. મનુષ્ય તરીકેનું આપણું કર્તવ્ય એથી ઊંચું છે. પરમ તત્ત્વની પરખ માટેના પુરુષાર્થમાં ને બીજાઓને શકય તેટલી સહાય પહોંચાડવામાં જ ખરૂં મનુષ્યત્વ સમાયેલું છે.

શ્રી યોગેશ્વરજી.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઇ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૫૯૧૭ ઓફિસ : ૨૬૯૧૭

( અનુસંધાન પાના ૧૧નું ચાલુ )

એ સાંભળી સૌ ઊભા થાય છે. સૌ પ્રણામ કરે છે પ્રસાદ વહેંચવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર પુરોહિતને સાકરનો પ્રસાદ આપવામાં આવે છે. સૌ વિદાય થાય છે.

પૂ. શ્રી પોતાના ઓરડામાં શાંતિથી આવી જાય છે, ત્યારે ઘડીયાળમાં બપોરે એક ને ત્રીસમીનીટ થઈ ગઈ હોય છે.

## સાદી ઉજવણી—ગુરુપૂર્ણિમાની.

પ. પૂ. મહાત્મા શ્રી. યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે સંકળાયેલ અમદાવાદના સાધકભાઈ બહેનો-એ ગુરુપૂર્ણિમા નિમિત્તે બે દિવસ પહેલા મળી, તેઓનું પૂજન–અભિવાદન કરી આશીર્વાદ માગ્યા હતા. પ. પૂ. માતાજી જ્યોતિર્મયીના સ્વર્ગવાસને હજુ પૂરું વર્ષ પણ થયું ન હોવાથી કોઈપણ પ્રકારના જાહેર સમારંભના આયોજન સિવાય આ મિલન રાખવામાં આવ્યું હતું. તેમાં પૂ. શ્રી. યોગેશ્વરજીએ ગુરુપૂર્ણિમાનો મહિમા સમજાવી. સાધકભાઈ-બહેનોને વધુ ને વધુ સાધનભજન પરાયણ બની જીવનમાં અધ્યાત્મના માર્ગે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

શ્રી. બાબુભાઈ વોરાએ, પૂ. શ્રી તેમ જ પૂ. શ્રી સર્વેશ્વરી-માના સાધકો પ્રત્યેના સતત અનુગ્રહનો ઉલ્લેખ કરી, સર્વે સાધકભાઈબહેનો વતી આભાર માન્યો હતો.

વડોદરામાં પણ ગુરુપૂર્ણિમાના દિને બહારગામથી ત્રીસેક જેટલા સાધકો પૂ. શ્રી. તેમ જ પૂ. માના પૂજન અર્ચન ને અભિવાદન નિમિત્તે પધાર્યા હતા. વડોદરાના સ્થાનિક સાધક ભાઈબહેનોએ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સહુએ પૂ. શ્રી સર્વેશ્વરીમા પ્રત્યે, જીવનમાં આધ્યાત્મિક પથપ્રદર્શન કરવા બદલ ઊંડી પ્રેમસભર માનની લાગણી દર્શાવી ફૂલહાર કર્યા હતા.

પ. પૂ. શ્રી. યોગેશ્વરજીએ આ પ્રસંગે વ્યાસપૂર્ણિમાનું મહત્ત્વ સમજાવી સાધકભાઈબહેનો પ્રતિ તેઓનો અનુગ્રહ સતત વરસતો જ રહે છે, એની ખાત્રી આપી.

શ્રી. જીતુભાઈ ગાંધીને ત્યાં આ સાદા મિલન કાર્યક્રમમાં પૂ. શ્રી તેમ જ પૂ. શ્રી સર્વેશ્વરીમાનું પૂજન અર્ચન વગેરે કર-વામાં આવ્યું હતું.

ઉપસ્થિત સાધક ભાઈઓ વતીથી શ્રી. નારણભાઈ જાની અને બહેનો વતીથી શ્રીમતી કુંદનબેન રાણાએ આભાર અભિવ્યક્ત કર્યો હતો.



# રામકથા

યોગેશ્વર.

### સ્વપ્નમાં નારદનું ભવિષ્ય કથન

[ મહાત્મા શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ સળંગ રામકથાનો આ પાંચમો હપ્તો છે. —તંત્રી ]

સીતાની આંખ ઊઘડી ત્યારે એ પોતાના શયન ખંડના પર્યંક પર પડી હતી.

એ સ્વપ્નનું સ્મરણ કરતી સત્વર બેઠી થઈ ગઈ.

રાજપ્રાસાદની ભાત ભાતનાં ચિત્રોથી ચિત્રિત દિવાલો એની આંખ આગળ ઊભી હતી, પરંતુ એની દૃષ્ટિ તો દેવર્ષિ નારદને જ જોઈ રહી.

એમની વાણી એમના કાનમાં ગૂંજી રહી.

સ્વપ્નને પરિણામે એને અનેરો આનંદ થઈ રહ્યો.

અને શા માટે ન થાય ?

એવા અનોખા, આનંદદાયક, સંતપુરુષો અને દેવતાનાં દર્શનનાં અથવા એમની સાથેના સંભાષણના સ્વપ્ન કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે ઓછાં આવે છે ? એવા સરસ સ્વપ્ન તો કોઈ ધન્ય ક્ષણે ને ધન્ય જનને જ આવતાં હોય છે.

સીતા એનું ફરી ફરી સ્મરણ કરવા લાગી. એનું સ્મરણ એને સહજ રીતે જ થવા લાગ્યું.

એને થયું કે સ્વપ્નને સાચું માનવું કે ખોટું ?

નારદજીના દેવ દુર્લભ દર્શનનો પોતાને લાભ મળ્યો એ વાતમાં તો શંકા નહિ. એ દર્શનથી અસાધારણ આનંદ પણ થઈ રહ્યો છે. પરંતુ એમણે પોતાના ભાવિના સંબંધમાં ઉચ્ચારેલાં વચનો કેટલે અંશે સાચાં માનવાં ને કેટલા પ્રમાણમાં યથાર્થ ઠરશે ? સ્વપ્ન કાંઈ

એક પ્રકારનાં નથી હોતાં. અનેક પ્રકારનાં હોય છે. અને બધા સ્વપ્ન સાચાં પણ નથી હોતાં. બધાં નહિ તો મોટા ભાગનાં સ્વપ્ન ખોટાં જ હોય છે. આ સ્વપ્નનું પણ એવું જ સમજવું કે શું ? જો કે આ સ્વપ્ન બીજાં સ્વપ્નની બરાબરનું ના કહી શકાય. આ સ્વપ્ન કોઇ સાધારણ પુરુષનું નહિ પરંતુ દેવર્ષિ નારદ જેવા સત્પુરુષનું છે. એ એની વિશેષતા બતાવે છે. દેવર્ષિ નારદનું સ્વપ્ન દર્શન એમના અનુગ્રહ વિના ના થઈ શકે. એમના વચનો પણ ભાગ્યે જ ખોટાં હોઈ શકે !

છતાં પણ એ સંપૂર્ણ સાચાં જ અથવા સાચાં પડશે એવું પણ કેમ માની શકાય ? રામ સ્વયંવરમાં ધનુષ્ય તોડશે એવું તો મારા પૂજ્ય પિતાજી પણ નથી માની શકતા. માટે તો એમણે સ્વયંવરની યોજના બદલ અફસોસ વ્યક્ત કરેલો. મેં તો રામને નથી જોયા, પરંતુ એમણે તો જોયા છે. એ કેટલા બધા સુકુમાર છે તેની તેમને ખબર છે. એવા રામ શંકરના મહાપ્રતાપી ધનુષ્યને ઉપાડે અને તોડે એવી કલ્પના પણ નથી કરી શકાતી. તો પછી એમની સાથે લગ્ન તો થાય જ ક્યાંથી ? દેવર્ષિ નારદની એ વાણી પણ કેવી રીતે માની શકાય ?

એને થયું કે સ્વપ્નની વાતને વધારે પડતું મહત્ત્વ આપવું બરાબર નથી. તે તો સાચી પડે કે ના પણ પડે. પરંતુ હા એક વાત વિચારવા જેવી છે, નારદજીએ કહ્યું છે કે સવારે રામનો મેળાપ થશે.

હવે આજે સવારે જોઉં છું કે એમનો મેળાપ થાય છે કે નહિ ! એમના કહ્યા પ્રમાણે જો રામનો મેળાપ થાય તો બીજી આગળની વાત સાચી મનાય. પરંતુ રામનો મેળાપ થાય એવી શક્યતા પણ ક્યાં છે ? સવારે તો હું સ્નાનાદિથી પરવારીને ભવાની માતાનું દર્શન કરવા જઉં છું. ત્યાં એ કેવી રીતે મળે ? અને ત્યાં ના મળે તો પછી બીજે તો મળે જ ક્યાં ? એટલે નારદજીની એ સ્વપ્નાવસ્થાની ભવિષ્યવાણી સાચી પડે એવું લગારે નથી લાગતું. છતાં પણ એની



કસોટી માટે થોડોક વખત ધીરજ રાખું. સવારનો એ સમય પણ કાંઈ બહુ દૂર તો નથી જ.

એવા એવા વિચારો એના મનને વીંટી વળ્યા તોપણ એ સ્વપ્નનું સ્મરણ એને માટે સુખકારક તો થયું જ. લાંબે વખતે વિચારોમાંથી મુક્તિ મેળવીને એ સ્નાનાદિથી પરવારીને જનકની પાસે આવીને એના રોજના ક્રમ મુજબ પગે લાગી. એટલે જનકે એને આશીર્વાદ આપીને પૂછ્યું :

" તારા મુખ પર આજે રોજ કરતાં કોઈક જુદી જ જાતનો ઉલ્લાસ દેખાઈ રહ્યો છે તેનું કારણ ? રાત્રે કોઈ સરસ સ્વપ્નું આવ્યું છે કે શું ?

'સ્વપ્ન આવે તો જ ઉલ્લાસ પ્રગટે એવું થોડું છે ? સીતાએ સામેથી પૂછ્યું ?

'ના, એવું તો નહિ. ઉલ્લાસનું કારણ સદાને માટે સ્વપ્ન જ હોય છે, એવું નથી હોતું. પરંતુ આ તો મારું અનુમાન કહી બતાવ્યું.'

'તમારું અનુમાન સાચું છે, મને સ્વપ્ન જ આવેલું.'

'કેવુંક સ્વપ્ન ?'

'સ્વપ્ન હતું તો ટૂંકું પરંતુ ખૂબ જ વિચિત્ર અને રસમય હતું. સ્વપ્નમાં મને દેવર્ષિ નારદ દેખાયા.'

'દેવર્ષિ નારદ ?'

" હા. દેવર્ષિ નારદ, હાથમાં વીણા લઈને નારાયણના મધુર નામનો ઉચ્ચાર કરતા એ મારી આગળ પ્રેમપૂર્વક ઊભા રહ્યા. "

'દેવર્ષિ નારદનું દર્શન તો દેવોને પણ દુર્લભ છે. મોટા મોટા સિદ્ધ મુનિઓ તથા તપસ્વીઓ પણ એમના દર્શનની ઈચ્છા રાખતા હોય છે. તને એ મહાપુરુષે પોતાની મેળે દર્શન આપ્યું એ તારું સદ્ભાગ્ય કહેવાય

'હું પણ એવું માનું છું, અને એથી જ મને આનંદ થઈ રહ્યો છે.'

'એવા સમર્થ સંતપુરુષનું દર્શન નિરર્થક નથી. એવો મારો

અનુભવ છે. એમનું સ્વપ્નદર્શન પણ ભારે લાભદાયક ને સુખકારક થઈ પડે છે. દર્શન આપીને એમણે કોઈ આશીર્વાદ કે ઉપદેશ આપ્યો કે નહિ?'

સીતાએ સ્વપ્ન દર્શનની સઘળી વાત સંક્ષેપમાં કહી બતાવી, ફક્ત સત્વરે રામનો મેળાપ થવાની દેવર્ષિ નારદની ભવિષ્યવાણી ના કહી અને આશ્ચર્ય પ્રદર્શિત કરતાં પૂછ્યું.

'સ્વપ્નની વાત તદ્દન વિચિત્ર નથી લાગતી?'

'વિચિત્ર તો લાગે છે પરંતુ...'

'એ વિચિત્ર જ નહિ પરંતુ ખોટી છે એમને?'

'ખોટી છે એવું પણ કેવી રીતે કહી શકાય?'

'તો પછી?'

'એ સાચી પડે તો તો સારું. મારા જેટલું સુખ કદાચ બીજા કોઈનેય નહિ થાય. રામનું લગ્ન તારી સાથે થાય. એવી મારી ઊંડી આકાંક્ષા છે. એ વાત મેં તારાથી છાની નથી રાખી. એ આકાંક્ષાની પૂર્તિ થતાં મારી પ્રસન્નતાનો પાર નહિ રહે. એની પૂર્તિનું કામ સ્વપ્નની વાત જેટલું સહેલું નથી. છતાં પણ નારદજીનાં શબ્દોની સત્યતાની પ્રતીક્ષા પણ કરવી રહી. સ્વયંવરનો દિવસ હવે કાંઈ બહુ દૂર નથી રહ્યો.'

સીતા કાંઈ બોલી નહિ એટલે જનકે કહ્યું:

'દેવર્ષિ નારદ જેવા મહાપુરુષનું કથન ખોટું ના હોઈ શકે, પરંતુ આ તો સ્વપ્નનું કથન છે એટલે એને પૂરેપૂરું વિશ્વાસનીય ના માની શકાય. રામને એકવાર પણ જોવાનો અવસર મળ્યો હોય તે એવું કહી પણ ના કહી શકે કે એ ધનુષ્યને તોડી શકશે. મુનિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા વખતે એમણે રાક્ષસોનો સંહાર કર્યો હશે એ સાચું, પરંતુ આ કામ તો એથી પણ કપરું છે. હું ઇચ્છું છું કે દેવર્ષિ નારદ જેવા મહાન પુરુષનાં અનુગ્રહથી રામ એ કામ કરવામાં સફળ થાય, પણ એમને જોયા પછી મારા અંતરમાં આકાંક્ષા તો રહે છે જ.'

## બીલીપત્ર

ચઢાવું બીલીપત્ર ના હું.
કોમળ પર્ણ, કુસુમ કાં તોડું,
　　સાજ સજાવું શું?
જ્યાં પ્રકટયાં ત્યાં પૂજા કરતાં,
　　બધે વિરાજે તું. ચઢાવું...

કોટિ કમળ શણગારું શાને,
　　સલિલ મહીં છે તું,
ભંગ કરીને શોભા તારી,
　　સુશોભિત કરું શું? ચઢાવું....

જ્યાં ઉગ્યાં ત્યાં ચઢી ચૂકયાં છે,
　　ફરી ચઢાવું શું?
વિમૂઢ મન ના કેમ માને
　　વ્યર્થ મનાવું શું? ચઢાવું....

તન, મન, અંતર ત્રણ પત્રોનો
　　અર્પણ પ્રાણ કરું,
પ્રાણે પુનિત પ્રેમ પ્રકટાવો,
　　તે નૈવેદ્ય ધરું! ચઢાવું....

—યોગેશ્વરજી

# જીવનમાં શંકર બનો

જીવનમાં એકલું અમૃત જ નથી, વિષ પણ છે.
છતાં પણ વિષથી ડરી જવાનું કામ નથી.

પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિ કરતાં, પ્રત્યેક પગલે
વિષનો પરિચય થતો રહે છે.

સુધા તો કોઈક વિરલ સંજોગોમાં સદ્‌ભાગ્યે જ
સાંપડે છે.

વિષની સામે વિષવમન કરવાથી લાભ નહીં
થાય. કોઈ હેતુ નહિ સરે.

તેથી તો વાતાવરણ વધારે વિષમય ને
વિકરાળ બને.

એટલે જ જીવનમાં સ્વયં શંકર બની જા
એટલે થયું.

હો કલ્યાણકારી દેવ, વિષ તારે માટે અમૃત
બનશે. તને ભગવાન શંકરની જેમ
મહિમા ધરશે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગપ્રેસ, જગાફોકના ડેલામાં, ખોખંડબજાર, ભાવનગર.